સુવિચાર

માણસને કેવળ ધનની નહી
પણ પદ, કીર્તિ,
માન-સન્માન, દૈહિક સુખો
વગેરેની લાલસાઓ હોય છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૭/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૧૯૫

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)

નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

જિલ્લાનાં અમુક ગામડાઓમાં મગફળીમાં ઈયળોનો ઉપદ્રવ

અમરેલી જિલ્લાનાં ખેડૂતોની કમાણી ઈયળોમાં સમાણી જેવો માહોલ

જિલ્લામાં કુલ ૨.૭ લાખ હેકટરમાં મગફળીનું વાવેતર ખેડૂતોએ હોંશે હોંશે કર્યુ અને ઈયળો ઘેરી વળી

મગફળીમાં ઈયળો આવી જતાં છોડ પીળા પડી જતાં પાક નિષ્ફળ જવાની દહેશત

મોંઘુ બિયારણ, રાસાયણિક દવાઓ, ખાતર અને મહેનતનો ખર્ચ પાણીમાં જવાની સંભાવના

પોષણક્ષમ ભાવો સહિતની સમસ્યાનો સામનો કરતાં ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષ ૨.૭ લાખ હેકટરમાં મગફળીનું વાવેતર થયું છે. પરંતુ એક તરફ અમરેલી જિલ્લામાં ખેડૂતોને સોળઆની વર્ષ થવાની આશાઓ પર પાણી ફરી વળે તેવા સમીકરણો સાકાર થતા જોવા મળી રહ્યા છે. અમરેલી જિલ્લાના અમુક ગામડાઓમાં મગફળીમાં ઈયળો આવતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હોય તેવા દિવસો આવતા અમુક ખેડૂતોએ પરસેવાની કમાણી ઈયળોમાં સમાણી હોય તેવો જગતના તાત માટેનો ઘાટ ઘડાયો છે. મગફળીમાં ઈયળોના ત્રાસથી ખેડૂતો માટે હાલાકી ઉભી થવા પામેલ છે.

ખેડૂતને જગનો તાત કહેવાય છે, પણ હંમેશા ખેડૂતોને છેલ્લી ઘડીએ જ રાતા પાણીએ રોવાના વારા આવતા હોય તેમ અમરેલી જિલ્લાના ૧૧ તાલુકા મથકો પર મગફળીનું ૨ લાખ ૭ હજાર હેકટરમાં વાવેતર થયું છે. હાલમાં પાક સોળે કળાએ ખીલી ઉઠયો છે. ત્યારે મગફળીમાં ઈયળો આવી જતાં મગફળીના છોડ સાવ પીળા પડી જાય છે અને ઈયળો જીવાત મગફળીના ઉભા પાકનો સોથ બોલાવી દે છે. ત્યારે ગ્રામીણ પંથકમાં

અનુસંધાન પાના ૬ ઉપર

સવારનાં સમયે દીપડાનાં આંટાફેરા

લીલીયામોટા : ઈંગોરાળા ગામે કંટોલા વીણવા ગયેલ મહિલા પર દીપડાનો હુમલો

ગામજનોએ હાંકલા-પડકારા કરતાં દીપડો નાસી છુટયો

લીલીયા, તા. ૨૯

લીલીયા તાલુકાના છેવાડે આવેલ ઈંગોરાળા (ડાંડ) ગામે આજે સવારના ૧૦:૩૦ વાગ્યા આસપાસના સમયે આશાબેન હસમુખભાઈ પરમાર (ઉંમર વર્ષ ૨૨) મેકડાના રસ્તે આવેલ કબ્રસ્તાન બિડ વિસ્તારમાં કંટોલા વીણવા ગયેલ. તેની પર પાછળથી આવી દીપડાએ હુમલો કરી દેતા આસપાસમાં કંટોલા વીણી રહેલ લોકોએ હાંકલા પડકારા કરી નાખતા દીપડો નાસી છૂટયો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્ત મહિલાને

અનુસંધાન પાના ૬ ઉપર

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ
& એન્ડોસ્કોપી સેન્ટર
દૂરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દૂરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
(નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે,
માણેકપરા, અમરેલી.
☎ (02792) 221324

શહેરમાં ૪૦૦થી વધુ આખલોઓ જોવા મળી રહ્યા છે

ફફડાટ : બાબરામાં આખલા યુદ્ધનાં કારણે શહેરીજનોને જાહેરમાં ફરવું મુશ્કેલ

પાલિકા દ્વારા આખલાઓની સમસ્યા દૂર કરવામાં આવતી નથી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
61,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૯/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૯

બાબરામાં આખલા યુદ્ધના કારણે શહેરના લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. અનેક વખત શહેરના લોકોને નાની મોટી ઈજાઓ થઈ છે. તેમજ માલ સામાનને નુકસાન થઈ રહ્યું છે. બાબરામાં એક અંદાજ મુજબ આશરે ૪૦૦ થી વધુ આખલાઓએ અડિંગો જમાવ્યો છે. જે શહેરની બજારોમાં રહેણાંક વિસ્તારમાં તેમજ જાહેર માર્ગો અને રોડ પર ફરી રહ્યા છે. અહીં અનેકવાર આખલા યુદ્ધ થાય છે. જેનો સીધો ભોગ રાહદારીઓ બની રહ્યા છે.રોડ પર થતા આખલા યુદ્ધનો ભોગ વાહન ચાલકો બની રહ્યા છે. જાહેર માર્ગો પર દુકાનદાર અને લારી ફેરિયા બની રહ્યા છે. તેમજ બઝારોમાં ઘરેલુ ચીજ વસ્તુઓ લેવા નીકળતા મહિલાઓ અને પુઢષ બની રહ્યા છે.

સૌથી વધુ આખલા યુદ્ધ રોડ પર અને બજારોમાં બની રહ્યા છે. આજે બાબરામાં મુખ્ય બજારોમાં આખલા યુદ્ધ જામતા લોકોમાં નાસ ભાગ થઈ ગતિ અને આખલાને ભગાડવા સ્થાનીક વેપારીઓ ભારે મહેનત કરતા માંડ શાંત પડયા હતા. ત્યારે પાલિકા દ્વારા શહેરમાંથી આખલાઓને ખસેડવા કોઈ એકશન પ્લાન બનાવવામાં આવે તેવી માંગ ઉઠી હતી.

The best place to celebrate happiness !
Avadh
Family Restaurant & Banquet Hall
Engagement
Birthday
Anniversary
Kitty Party
Corporate Event

Capacity upto 70 Peoples
Veg. Menu with Catering Service
Complete Table & Chair Facilities
DJ & Sound System Available
Projector & Screen Facilities
Proper Lighting Facilities
Near Ram Enterprise, Market Yard Road, Amreli 82385 66066

આઉટ સોર્સીંગ એજન્સી/કોન્ટ્રાકટથી સરકારી કામકાજ કરાવવું એટલે આજના બેરોજગાર યુવાધનનું શોષણ કરવું અને ભ્રષ્ટાચાર માટેનું ભયંકર દુષણ/ષડયંત્ર ગણી શકાય

છેલ્લા ઘણા વર્ષોથી સરકારના વિવિધ વિભાગોની કચેરીઓમાં, અર્ધ સરકારી સંસ્થાઓ જેવી કે નગરપાલિકાઓમાં, બોર્ડ–નિગામોની કચેરીઓ વિગેરે વિભાગોમાં જરૂરિયાત મુજબના કર્મીઓની પૂર્તતા/સપ્લાઈ આઉટસોર્સિંગ એજન્સી એટલે કે એક નિયત કરેલ કોન્ટ્રાકટર પૂરી પાડે છે, જેમાં સેવકો(પટ્ટાવાળા), કલાર્ક, સુપરવાઈજર, ટેકનિકલ કર્મી, નોન ટેકનિકલ કર્મી વિગેરે. આ પ્રકારના કર્મીઓ આઉટ સોર્સિંગ એજન્સી પૂરી પાડે છે.

સરકારી અથવા જે અર્ધ સરકારી સંસ્થાને જે પ્રકારના કર્મીઓની જરૂરિયાત હોય અને જે કોન્ટ્રાકટર અથવા એજન્સી કે જે આ પ્રકારના કર્મી સપ્લાઈ કરતી હોય તેની પાસેથી ટેન્ડર પ્રક્રિયા દ્વારા કર્મી મુજબ ભાવો મંગાવવામાં આવે છે અને જેના ભાવ નીચા આવે તેને આ પ્રકારના મેન પાવર સપ્લાઈના વર્ક ઓર્ડર આપવામાં આવે છે અને તેની પાસેથી જરૂરિયાત મુજબના કર્મી સપલાઈની જાણ કરવામાં આવે છે અને ત્યારબાદ તે એજન્સી કે કોન્ટ્રાકટર એક વર્ષ કે બે વર્ષ કે ત્રણ વર્ષ માટે કર્મીઓની સપ્લાઈ પૂરી પાડે છે.

હવે કર્મીના માસિક પગાર એટલે કે માસિક મહેનતાના આ આઉટ સોર્સિંગ એજન્સી/કોન્ટ્રાકટર કઈ રીતે ચૂકવે છે તેની માહિતી આપતા જણાવું છુ કે .. જે તે વિભાગની સરકારી તિજોરીમાંથી પ્રતિ નાનામાં નાના કર્મી માટે મિનિમમ ૧૪૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે તેની સામે જે તે કર્મીને તો માંડ માંડ ૫૦૦૦ કે ૭૦૦૦ કે ૮૦૦૦ રૂપિયાજ ચૂકવવામાં આવે છે એટલે કે રકમ રૂપિયા ૫૦૦૦ થી ૭૦૦૦ આ આઉટ સોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટરના ખિસ્સામાં જાય છે, તો શોષણ નહીં તો બીજું શું છે ? આમાં સરકારને ફાયદો શું છે ? કઈ નહીં તો આ પ્રથા કે આ સિસ્ટમથી કર્મી રાખવાનો ફાયદો કોને ? સરકારને આર્થિક રીતે એક રૂપિયાનો પણ ફાયદો ના હોય તો એ સિસ્ટમના ઉપયોગને સરકાર દ્વારા શા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે તે કોઈને પણ ના સમજાય તેવી વાત છે. છતાં આ દૂષણ અત્યારે ગુજરાત રાજયના દરેક વિભાગોમાં છે, આ માટે સરકારી અધિકારી કે સરકારની દલીલ એવી હોય છે કે જે તે કર્મી કાયદાકીય રીતે કોઈ કોર્ટમાં કાયમી કે હંગામી કર્મીનો દાવો કરી શકતો નથી અને સરકારને કાયદાકીય આંટી–ઘૂંટીમાંથી પસાર થવું પડતું નથી. સરકારને આઉટ સોર્સિંગ એજન્સી/કોન્ટ્રાકટર ભલે આર્થિક રીતે ગમે તેટલું કમાઈ તેની સામે વાંધો નથી પણ મહેનતથી કામ કરનાર કર્મીને તો સરકારનો લાભ મળવો જ જોઈએ નહીં, અને અત્યારે એ પણ ધ્યાનમાં આવેલ છે કે આ આઉટ સોર્સિંગ એજન્સી/કોન્ટ્રાકટરમાં કોઈને કોઈ રીતે પદાધિકારી/અધિકારીઓની સાંઠ–ગાંઠ હોવાની શકયતાઓ છે અને તેટલે આ આજના બેરોજગાર યુવાધનનું શોષણ કરવું અને ભ્રષ્ટાચાર માટેનું ભયંકર દૂષણ/ષડયંત્ર ચાલી રહ્યું હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય આવે છે.

હવે આ સિસ્ટેમને બદલે કર્મીને સીધો ફાયદો થાય સરકારી તિજોરીને આર્થિક ફાયદો થાય તે માટે નીચેના મુદ્દાઓ ઉપર અભ્યાસ કરીએ અને આ સિસ્ટમના ગેરલાભ વિષે પણ વિચારીએ. (૧) સરકાર અથવા જે તે વિભાગ ૧૧ માસના કરાર આધારિત ભરતી કરે તો સરકારી તિજોરીમાંથી સીધા કર્મીના ખાતામાં પગાર કે મહેનતાનાની રકમ જમા થાય, વચેટિયા નીકળી જાય, આ રીતે સરકારના ઘણા વિભાગોમાં અત્યારે પણ ૧૧ માસના કરાર આધારિત ભરતી કરવામાં આવે છે અને જે કર્મીનું આઉટપુટ સારૂં હોય, કામગીરી સારી હોય તો તેવા કર્મીને ૧ માસનો બ્રેક આપીને ફરી તેનો ઓર્ડર એકસટેન્ડ કરી શકાય છે, હાલ સર્વ સિક્ષા અભિયાનમાં કેટલાય કર્મી ૧૧ માસના કરાર આધારિત છે અને ઘણા વર્ષોથી છે અને તેનો લાભ ૧૦૦ટકા સરકારને તથા નાગરિકોને મળેલ છે, તેમ છતાં હજુ સુધી આ અગિયાર માસના કોન્ટ્રાકટ પૈકી એક પણ કર્મીએ કાયમી માટેનો કોઈ દાવો સરકારમાં કે કોઈ ન્યાયાલયમાં કરેલ નથી.

સરકારને ભય એ છે કે આઉટ સોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટર સિવાય રાખેલ કર્મી કોર્ટ કચેરીમાં જઈ આ કર્મી કાયમી કરવાના વિવાદ ઊભા કરે આથી સરકાર ઉપર કાયમી કર્મચારીનું આર્થિક ભારણ આવે, તે બીકથી ૧૧ માસના કરાર આધારિત ભરતી કે રોજમદારની ભરતી આ રીતથી કરવામાં આવતી નથી, મારા જાણવા અને નોલેજ અનુસાર આ પ્રકારના ૧૧ માસના કરાર આધારિત એક પણ કર્મીએ કાયમી કરવાનો દાવો કોર્ટ કચેરીમાં દાખલ કરેલ હોય તેવું જણાયેલ નથી અને હોય તો પણ તે કર્મીના દાવા કોર્ટમાં ટકતા નથી, આથી સરકારના આ ડર વ્યાજબી નથી પણ આ ડરના માર્યા સરકાર લાખો બેરોજગારોને અન્યાય કરે તે પણ વ્યાજબી નથી.

(૨) આઉટ સોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટરને જે તે વિભાગ તરફથી ચૂકવવામાં આવતી રકમ ૧૪૦૦૦ કે ૧૫૦૦૦ માંથી જે તે કર્મીને આમેય રકમ રૂપિયા ૬૦૦૦ થી ૮૦૦૦ જ કોન્ટ્રાકટર દ્વારા ચૂકવવામાં આવે છે. આથી બાકીની રકમ આઉટ સોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટરને મલાઈ તરીકે મળે છે.

(૩) સરકાર અથવા જે તે વિભાગ ૧૧ માસના કરાર આધારિત ભરતી કરે એટલે ભરતી કરવા માટેની જાહેરાત આપવી પડે અને તેમાં પોસ્ટની વિગત જેવી કે સેવકો(પટ્ટાવાળા), કલાર્ક, સુપરવાઈજર, ટેકનિકલ કર્મી, નોન ટેકનિકલ કર્મી વિગેરેની જગ્યાની સંખ્યાની વિગત, તેના કવાલિફિકેશનની વિગત, ઉંમર, વિશેષ લાયકાત તથા અનુભવની વિગતો વિગેરેની વિગતો જાહેરતમાં આપવી પડે અને લેખિત– મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવે તેને કારણે જે તે વિભાગને ટોપ રેંકના, હોંશિયાર, અનુભવી, તજજ્ઞ હકીકતથી બેરોજગાર યુવાનોની પસંદગી થાય અને બેકડોર એન્ટ્રી બંધ થાય, સાચા અને કાબેલ–હોંશિયાર લાયકાતવાળા બેરોજગારોને તક મળે.

(૪) આઉટસોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટર દ્વારા સપ્લાઈ થતાં કર્મીમાં ઉપર જણાવ્યા પ્રકારના કોઈ માપ દંડનું પાલન થતું નથી ગમે તે બેરોજગારની સપ્લાઈ કરી દે, કોઈ પણ પ્રકારના માપદંડનું કે લાયકાત, અનુભવ કાબેલિયત કે કોઈ બાબતના પાલન થતું હોતું નથી.

(૫) આઉટસોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટર દ્વારા ભરતી કરવામાં આવતા કર્મીમાં મામા ફઈના કર્મીઓ વધારે લાભ લે તેવી સંભાવના વધારે હોય છે. જે કર્મી કયાય ચાલતો ના હોય તેવા વ્યકિતને કર્મી તરીકે સપ્લાય કરવામાં આવતી હોય છે અને સરકાર દ્વારા પણ એની કોઈ જાતની ચકાસણી પણ કરવામાં આવતી હોતી નથી કે જે કર્મીની સપ્લાય કરવામાં આવી છે તે તમામ લાયકાત ધરાવે છે, ઉંમર મર્યાદામાં આવે છે ? અનુભવ વિગેરે છે કે કેમ ? એવું પણ ધ્યાનમાં આવેલ છે કે કયારેક તો ૬૫ થી ઉપરની ઉંમરના દાદાને પણ કર્મી તરીકે સપ્લાય કરતાં હોય છે, સરકારના કોઈ કાયદાનું પાલન થતાં નથી અને આમ સૌથી વધારે અન્યાય સાચા અર્થમાં બેરોજગાર યુવકો કે મહિલાઓને થાય છે.

(૬) આઉટસોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટર દ્વારા સપ્લાઈ કરવામાં આવતા કર્મીમાં સૌથી વધુ અન્યાય અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતીના બેરોજગાર યુવાનોને થાય છે કારણ કે તેના દ્વારા સપ્લાઈ કરવામાં આવતા કર્મીમાં સરકારના આ નિયમોનો એક ટકો પણ અમલ થતો નથી અને છતાંય અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતિના સમાજના આગેવાનો અકળ મૌન ધરાવે છે.

(૭) આઉટસોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટર દ્વારા સપ્લાઈ કરવામાં આવતા કર્મીમાં પારદર્શકતા જળવાતી હોય તેવું જણાતું નથી, કારણકે કેટલા કર્મીની જરૂરિયાત છે તેની પહેલેથી કોઈ યાદી જાહેર કરવામાં આવતી નથી, આથી ઈંગ્લિશમાં કહીએ તો આપણે "as and where" એટલે કે જેમ જેમ જરૂરિયાત ઊભી થાય તેમ કર્મીની સપ્લાઈ થતી હોય છે. આથી કર્મીની સપ્લાઈ થઈ હોય ૧૦ અને તેના બિલ ૧૨ કે ૧૪ કર્મીના બનાવેલ હોય અને વધારાની ઉપલી રકમ મેનેજમેંટ કે વડાના ખિસ્સામાં જાય તેવી સંભાવના પણ બની શકે. આ રીતે આ બાબતમાં ઓર્ગેનાઈસ્ડ ક્રાઈમની સંભાવના પણ વધી જતી હોય છે.

(૮) અગત્યની બાબત એ પણ છે કે સરકારના જે તે વિવિધ વિભાગોમાં, અર્ધસરકારી સંસ્થાઓ જેવી કે નગરપાલિકાઓમાં, બોર્ડ–નિગામોમાં વિગેરે વિભાગોમાં અમુક કર્મીઓની કાયમીની જરૂરિયાત હોય છે તો પછી તેના ઉકેલ પણ કાયમીની રીતે જ ઉકેલવા જોઈએ.

(૯) આઉટસોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટર દ્વારા સપ્લાઈ કરવામાં આવતા કર્મીની બાબતમાં સૌથી અગત્યની બાબત તો એ છે એજન્સી અથવા કોન્ટ્રાકટર દ્વારા સપ્લાઈ કરવામાં આવતા કર્મી ઉપર સરકારના શિસ્ત અને વર્તણૂંકના નિયમો લાગુ થતાં નથી જેને કારણે ભ્રષ્ટાચાર કે નાણાકીય ઉચાપતના કિસ્સામાં કર્મીને છૂટો કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ હોતો નથી. આ મોટામાં મોટી ખોટ આ સિસ્ટમમાં છે, તો પછી આ રીતે આઉટ સોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટર દ્વારા સપ્લાઈ કરવામાં આવતા કર્મીની સપ્લાઈનો અર્થ શું?

(૧૦) આઉટ સોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટર દ્વારા સપ્લાઈ કરવામાં આવતા કર્મી કયાય જવાબદારીવાળી પોસ્ટ કે આર્થિક નાણાકીય લેવડ દેવડવાળી પોસ્ટ કે સંવેદનશીલ પોસ્ટ ઉપર કે તે જગ્યાના હોદ્દા ઉપર સહી કરી શકતા નથી, તો પછી આ રીતે આઉટ સોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટર દ્વારા સપ્લાઈ કરવામાં આવતા કર્મીની સપ્લાઈનો અર્થ શું?

(૧૧) આ સિસ્ટમથી કરવામાં આવતા ખર્ચ એ નાગરિકોના ટેકસના પૈસાનો દુરૂપયોગ જ છે.

(૧૨) આ સિસ્ટમ એક એવી સિસ્ટમ છે કે જેમાં સરકારની મિનિમમ વેજ પોલિસીનું થિયરીમાં કે ઓન પેપર પાલન થાય છે પણ વાસ્તવમાં જરા પણ તેનું પાલન થતું ના હોય તેવું જણાય છે.

(૧૩) આઉટ સોર્સિંગ એજન્સી અથવા કોન્ટ્રાકટર દ્વારા સપ્લાઈ કરવામાં આવતા કર્મીથી સરકારી કામ કાજ કરાવવું એ આજના બેરોજગાર યુવાધનનું શોષણ કરવું અથવા કરાવવું અને એક મોટા પ્રમાણનું ભયંકર દૂષણ કે ષડયંત્ર ગણી શકાય અથવા આર્થિક લાભ લેવા કે આપવા માટેની કે ભ્રષ્ટાચાર માટેની પૂર્વ નિયોજીત સિસ્ટમ ગણી શકાય.

લેખ લખનાર : એચ.પી. ખોરાસિયા,
પૂર્વ એંજિનિયરશ્રી,
અમરેલી નગર પાલિકા, અમરેલી
મો.–૭૯૯૦૫૯૯૦૯૭

સાસંદ સુતરીયાને રજૂઆત કરાઈ

લીલીયા મોટા ખાતે અવાર–નવાર વીજ ફોલ્ટ થતા ગામજનો પરેશાન

ડાયમંડ એસોસીએશનનાં પ્રમુખએ કરી રજૂઆત

અમરેલી, તા. ૨૯

લીલીયા મોટામાં વારંવાર સર્જાતા વીજ ફોલ્ટને લઈને લીલીયા તાલુકા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ભૂપતભાઈ ધામત દ્વારા સાંસદ ભરતભાઈ સુતરીયાને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયુ છે કે, લીલીયા મોટા ગામે નાના–મોટા થઈને અંદાજે ૭૦ જેટલા હીરાના કારખાના અને નાના ઉદ્યોગ આવેલા છે અને અંદાજે ૩ હજાર કરતા વધારે કારીગરો રોજી રોટી મેળવે છે. કોઈને કોઈ કારણસર વીજળી કલાકો સુધી ગુલ રહેતી હોવાથી કામ બંધ રહેવા પામે છે અને કોઈ ટીસી નબળુ પડે તો બદલવાનું થાય ત્યારે આગોતરી જાણ કરવામાં આવતી નથી અને પાવર કટ કરી દેવાય છે. લીલીયામાં કાયમી હેલ્પર પણ મુકવામાં આવતા નથી અને રિપેરીંગ કરવા અન્ય ગામમાંથી બોલાવવા પડે છે. જેના કારણે સમયનો ખુબ વ્યય થાય છે. છેલ્લા ઘણા સમયથી મેન્ટેનન્સ થયું નથી. દર ગુરૂવારે મેન્ટેનન્સના નામે પાવર કાપ રાખવામાં આવે છે પણ મેન્ટેનન્સ ન કરતા વાયર લટકી રહ્યા છે અને સડી ગયા છે. જમ્પર વગેરેની કાળજી લેવી જોઈએ પરંતુ કોઈ કામગીરી થતી નથી જેના કારણે ભોગવવાનું આવે છે. આ બાબતે લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, કાર્યપાલક ઈજનેર અમરેલી પીજીવીસીએલ અને લીલીયા નાયબ ઈજનેર તેમજ સાંસદ સહિતને રજૂઆત કરી. આ સમસ્યાનું કાયમી સમાધાન કરવા માટે ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ ભુપતભાઈ ધામત દ્વારા પત્ર લખી રજૂઆત કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

અમરેલી જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ મુકુંદ મહેતાની ફી કમિટિમાં વરણી

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાનાં આચાર્ય સંઘના મહામંત્રી અને પૂર્વ માધ્યમિક શિક્ષણ સંઘનાં પ્રમુખ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ સેનેટ મેમ્બર, અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ અને જનતા વિદ્યાલય વડેરાના પ્રિન્સિપાલ મુકુંદભાઈ મહેતા ફી અધિનિયન કમિટિ (FRC) રાજકોટ ઝોનનાં સભ્ય પદે રાજય સરકાર દ્વારા ગૌરવ પદ નિમણૂંક થયેલ છે અને અમરેલી જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

એસ.જી.એફ.આઈ. સ્કુલ ગેઈમમાં

બાબરા ખાતે આવેલ પંચશીલ સ્કુલનાં વિદ્યાર્થીઓ ઝળકયાં

શાળા પરિવારે શુભેચ્છાઓ પાઠવી

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨૯

બાબરામાં કમળશી હાઈસ્કુલ ખાતે એસ.જી.એફ.આઈ. દ્વારા તાલુકા કક્ષાનાં એથ્લેટીકસ ગેમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તાલુકાની શાળાઓ દ્વારા ભાગ લેવા આવી રહયો છે.

આ તાલુકા કક્ષાનાં રમતોત્સવમાં શહેરની પંચશીલ સ્કુલ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં ગોળાફેક, બરસીફેક, ઉંચી કુદ, લાંબી કૂદ, તેમજ દોડ સહિતની રમતોમાં અન્ડર ૧૪ના બાળકોએ ભાગ લીધો હતો. જેમાં અવલ્લ નંબર પ્રાપ્ત કરતા શાળાનાં ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતર, અરવિંદભાઈ ધોળકિયા, મહેશભાઈ કોરાટ, કેમ્પસ ડાયરેકટર સંજયભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

સાવરકુંડલા પોલીસ સ્ટેશનમાં E-FIR દ્વારા દાખલ થયેલ ફરિયાદનો આરોપી ઝડપાયો

આરોપી હરદ્વારગીરી ગોસ્વામીની અટકાયત

અમરેલી, તા. ૨૯

સાવરકુંડલા પોલીસ સ્ટેશનમાં ઈ–એફઆઈઆર ધ્વારા નોંધાયેલ મોબાઈલ ચોરીની ફરિયાદનાં આરોપી હરદ્વારગીરી મેહુલગીરી ગોસ્વામીની અટકાયત કરવામાં આવી છે.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની સુચના અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની પોલીસ ટીમ ધ્વારા ટેકનિકલ તથ સુચન સોર્સની મદદથી ચોરીમાં ગયેલ મોબાઈલ સાથે આરોપીની પકડી પાડી સદર ઈસમ વિરૂધ્ધ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ધ્વારા ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામગીરી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલા તથા અનાર્મ હેડ કોન્સ. અમાનભાઈ યાસીનભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ વશરામભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ વિષ્ણુભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ ગીરીશભાઈ વાલજીભાઈ ધ્વારા કરવામાં આવેલ છે.

અમરેલી ખાતે AIGDSU નું દ્વિવર્ષિય અધિવેશન યોજાયુ

Biennial Con

અમરેલી, તા. ૨૯

અમરેલીના આર. કે હોલમાં AIGDSU નું દ્વિવર્ષીય અધિવેશન ગુજરાત સર્કલનાં સેક્રેટરી મનીષભાઈ વડિયા, પ્રમુખ રામભાઈ પ્રજાપતિ અને CHQ નવી દિલ્હીના પિંકલકુમાર દુબેની હાજરીમાં યોજાઈ ગયું. જેમાં પ્રમુખ જનકભાઈ દવે, સેક્રેટરી બટુકભાઈ ગોસાઈ અને કે.કે. મહેતાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા ૨૫૦ થી વધુ આપદા મિત્રોને તાલીમ

NDRF: ROLE & RESPONSIBILITY

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર ગાંધીનગરની સૂચના અન્વયે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, કલેકટર કચેરી, અમરેલી દ્વારા ૨૫૦ થી વધુ આપદા મિત્રોને પ્રેકિટકલ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં સહયોગી તરીકે એન.ડી.આર.એફ, ફાયર વિભાગ, શાંતાબા મેડિકલ કોલેજ અમરેલી પણ જોડાયા હતા. આપદા મિત્રોને ડિઝાસ્ટરની પરિસ્થિતીમાં શું કરવુ જોઈએ અને શું ન કરવુ જોઈએ? પ્રાથમિક સારવાર, સી.પી.આર, ફાયર એકસ્ટીગ્યુશરનો ઉપયોગ વગેરે જેવા વિવિધ વિષયો પર નિષ્ણાંતો દ્વારા વિગતો આપી તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. તેમ અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, જિલ્લા પ્રોજેકટ ઓફિસરએ એક યાદીમાં જણાવ્યુ છે.

બગસરાથી રાજકોટ રૂટની બસનાં ચાલકને ઓવરટાઈમ નોકરી અપાઈ

એસ.ટી. વિભાગની બેદરકારીથી એક મહિલાનું મોત થયાનો આક્ષેપ

સુરતથી બગસરા રૂટની બસ લઈને આવેલ ડ્રાઈવરને પુનઃ રાજકોટ-દિવની બસની જવાબદારી સોંપાઈ

૧૨-૧૨ કલાક સુધી બસ ચલાવીને આવેલ ડ્રાઈવરને પુનઃ રૂટની જવાબદારી સોંપવી એ યોગ્ય નથી

કોઠારીયા ગામ નજીક હડફેટે લેતા સામેથી આવી રહેલ અન્ય બસ નીચે આવી જવાથી મહિલાનું મોત

વિભાગીય નિયામક દ્વારા મહિલાનાં મોત અંગે તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ

તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૯

બગસરાથી રાજકોટ જતી બસ દ્વારા એક મહિલાને ઠોકર લાગતા બીજી તરફ ફેંકાઈ જતા સામેથી આવતી બસ રાજકોટ–દીવની ઠોકરે આવતા મહિલાનું મોત નિપજયું હતુ.

જાણવા મળતી માહિતી મુજબ બગસરા એસ.ટી. ડેપોના અધિકારી જે ડ્રાઈવરને બગસરાથી રાજકોટ રૂટની બસમાં મોકલવામાં આવેલ હતા તે ડ્રાઈવર હજુ તો ૧૨ કલાકની નોકરી કરીને ઉતર્યા કે તરતજ અન્ય નોકરી સોંપી દેવામાં આવેલી હતી. જેના હિસાબે આ ડ્રાઈવર નીંદર પૂરી ના થયેલ હોવાથી રસ્તામાં જોકુ આવી જતા અકસ્માત સર્જાયો હતો.

આ ડ્રાઈવર હજુ તો વહેલી સવારે ૫ કલાકે સુરતથી બગસરા બસ લઈને પહોંચેલ હતા કે અઘોર તંત્ર દ્વારા આ જ ડ્રાઈવરને ૫:૩૦ કલાકે ઉપડતી બગસરાથી રાજકોટ બસમાં ડ્રાઈવર દ્વારા કહેવાથી તેની ઓવર ટાઈમની નોકરી લખી નાખી હતી. તો આ ડ્રાઈવરને અસહ્ય થાક લાગેલ હોવાથી બગસરાથી ઉપાડતા કોઠારીયા પાસે એક મહિલા ડીવાઈડર ઉપર ઊભેલી હતી જયારે ડ્રાઈવરને જોકું આવી જતા ઠોકર મારી હતી. ત્યારે આ મહિલા બીજી તરફ આવતી રાજકોટ–સોમનાથ–દીવ બસમાં પટકાતા આ મહિલાનું મોત નિપજયું હતું. તો બગસરા એસ.ટી. ડેપોની ઘોર બેદરકારીના લીધે આ અકસ્માત સર્જાયો હતો. જયારે કોઈ પણ ડ્રાઈવર ૧૨ કલાકની નોકરી કરીને આવે ત્યારબાદ તેને ઓછામાં ઓછો ૮ કલાકનો રેસ્ટ આપવો પડે પરંતુ આ ડેપોના અણઘણ વહીવટના લીધે ફરી પાછી નોકરી સોંપાઈ હતી.

જયારે આ બાબતે ડેપો મેનેજરને પૂછતા તેમણે જણાવ્યું કે, આ ડ્રાઈવર દ્વારા મારી પાસે ફરી નોકરી માંગવામાં આવેલ હતી એટલે અમોએ નોકરી સોંપી હતી. તેમના લાગતા વળગતા માનીતા ડ્રાઈવર–કંડકટરોને નજીકની નોકરી આપવામાં આવે છે અને તે નોકરી બપોરે પૂરી થઈ જાય છે અને તે લોકો બીજા ધંધો પણ કરતા હોય છે.

પરંતુ આવી રીતે જો નોકરી સોંપવામાં આવે તો એસ.ટી. અમારી સલામત સવારીનું સરકારનું સૂત્ર ઉપર પાણી ફરી વળીજશે. જો આવી જ રીતે ડ્રાઈવરો દ્વારા ઓવર ટાઈમ માટે કહેવાથી નોકરી આપવામાં આવે તો બસમાં બેઠેલા ૫૦ થી ૬૦ જેટલા મુસાફરોની જવાબદારી કોની આવા અનેક સવાલો લોકોમાં ઉઠી રહ્યાં છે.

એસ.ટી. બસ સલાહકાર સમિતિનાં બિપિન રાદડીયાની રજૂઆત

બાબરાનાં વિદ્યાર્થીઓ માટે વલ્લભવિદ્યાનગર, ભરૂચ, અંકલેશ્વર રૂટની બસ શરૂ કરવા માંગ

અમરાપરા ખાતે બસ સ્ટોપ આપવા માંગ

બાબરા, તા. ૨૯

બાબરામાં એસ.ટી. બસની સુવિધાઓ વધુ ઉપલબ્ધ કરાવવા તેમજ લાંબા રૂટની બસનો સ્ટોપ આપવા સહિતની બાબતે ભાજપ અગ્રણી અને જિલ્લા એસ.ટી. બસ સલાહકાર સમિતિના સભ્ય બીપીનભાઈ રાદડિયા દ્વારા એસ.ટી. ડેપોના વિભાગીય નિયામકને પત્ર પાઠવી રજુઆત કરેલ છે. તેમજ આગામી સલાકાર સમિતિની બેઠકમાં પ્રશ્નનો નિકાલ કરવા પણ જણાવ્યું હતું.

બાબરા શહેર ભાજપ અગ્રણી બીપીનભાઈ રાદડિયાએ પત્રમાં વધુ જણાવ્યું હતું કે, બાબરામાંથી અનેક વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ જિલ્લા બહાર શિક્ષણ તેમજ અન્ય વ્યવસાય અર્થે સેટ થયા છે. ત્યારે તેમને આવવા જવા માટે વાયા બાબરા અને ચિતલ તરફથી આવતી બસ વધુ અનુકૂળ પડે તેમ છે. માટે આણંદ, વલ્લભવિદ્યાનગર, ભરૂચ અને અંકેલર રૂટની એસ.ટી. બસની સુવિધાઓ વાયા બાબરા અને ચિતલ શરૂ કરવામાં આવે તો તેનો લાભ અહીંના લોકોને સીધો મળી શકે છે. કારણકે ચાંવડ ચાલતી બસના કારણે લોકોને ૧૫ કિલોમીટરનો ફેર પડે છે અને કોઈ વાહન નહિ મળતા લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડે છે.

બીજું અમદાવાદ સહિતની અન્ય લાંબા રૂટની બસને બાબરામાં અમરાપરા બસ સ્ટેન્ડ કે જે નાના બસ સ્ટેન્ડ તરીકે ઓળખવામાં આવે છે ત્યાં સ્ટોપ આપવામાં આવે. કારણ ઘણા મુસાફરોની માંગણી અને ફરિયાદ મળેલ છે કે આવી લાંબા રૂટની બસ વ્હેલી સવારે અથવા મોડી રાતે એસ.ટી. ડેપો બાબરામાં મુસાફરોને ઉતારે છે હવે ત્યાંથી નાના બસ સ્ટેન્ડ સુધી જવામાં કોઈ વાહન નહિ મળતા સ્પે. રીક્ષા કરી તગડું ભાડું ચુકવવાનો વારો આવે છે. તેમજ અહીં ગોંડલ અને અમરેલી બે રોડ વચ્ચે પડતી ચોકડી પર આવેલ સરદાર સર્કલ પાસે આ તરફથી આવતી જતી તમામ એસ.ટી. બસનો પોઈન્ટ અને સ્ટોપ આપવામાં આવે તો આ વિસ્તારમાં મોટાભાગની સોસાયટી આવેલી છે તેમને સીધો લાભ મળી શકે છે. બાબરા શહેર ખુબજ વિકસતું અને વિસ્તરતું શહેર હોવાથી હવે જુના સ્ટોપની જેમ નવા સ્ટોપ આપવામાં આવે તો લોકોને વધુ સેવા મળી રહેશે.

મગફળી, કપાસ, સોયાબીન સહિતનાં પાકોને ભારે નુકસાન

બગસરા પંથકમાં ભારે વરસાદથી થયેલ નુકસાન અંગે કોઈ પ્રકારનું સર્વે ન કરાતા રોષ

જિલ્લા કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવાયું

તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૯

બગસરા ખાતે ભારે વરસાદના કારણે થયેલ નુકસાનીનું વળતર આપવા અમરેલી જિલ્લા કિસાન કોંગ્રેસ દ્વારા આવેદન આપવામાં આવ્યું હતું અને તત્કાલ સર્વે કરી વળતર ચૂકવવા નહિ આવે તો આંદોલન કરવામાં આવશે. તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

બગસરા તાલુકામાં ૨૪ જુલાઈના પડેલ ભારે વરસાદને લીધે ખેતી પાકોને થયેલ નુકસાનનું સર્વે કરી સહાય ચૂકવવા અમરેલી જિલ્લા કોંગ્રેસ દ્વારા આજરોજ મામલતદારને આવેદન પાઠવવામાં આવેલ છે. આવેદનમાં જણાવ્યા મુજબ બગસરા તાલુકામાં એક જ દિવસમાં સતત વરસાદને લીધે મગફળી કપાસ સોયાબીન સહિતના પાકોમાં ભારે નુકસાન થયેલ છે. ખેતરોમાં સતત પાણી ભરાઈ રહેવાથી મોટાભાગનો પાક પીળો પડી ગયેલ છે અથવા બળી ગયેલ જેના લીધે ખેડૂતોને ફરી વાવણી કરવાની નોબત આવી પડતા ખાતર બિયારણનો બોજ હેઠળ ખેડૂતો દબાઈ ગયેલ છે. જે અનુસંધાને અમરેલી જિલ્લા કિસાન કોંગ્રેસ દ્વારા આજરોજ મામલતદારને આવેદન પાઠવી ધોવાણ (નુકસાન)થયેલ ખેતરોનોનું સર્વે કરી પાંચથી સાત દિવસમાં વળતર ચૂકવવાની માંગણી કરેલ છે. સાથોસાથ જો કાર્યવાહી કરવામાં ઢીલ થશે તો નાછૂટકે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શૌરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS FI
lord of the streets
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight 135kg
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
➤ - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

Shine versary
આભાર ગુજરાત
HONDA
*સ્કીમ ઓફર ટુંક સમય માટે જ..
Shine
95%
ANNIVERSARY Offer ₹5000 કેશબેક
5999/-
9.50%
ફ્રી હેલ્મેટ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Hero
go BIG go XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

શિવ ફરસાણ
(ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

લોકસભામાં રાહુલ ગાંધીના શાબ્દિક પ્રહારો

બજેટમાં ખેડૂતો અને મધ્યમ વર્ગ માટે કાંઈ પણ નથી : રાહુલ ગાંધી

લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ ખેડૂત, પેપર લીક, દેશમાં ફેલાયેલો ડર, બજેટ અને ટેક્સ સાથે જોડાયેલા મુદ્દા પર મોદી સરકારને ઘેરી

નવી દિલ્હી, તા.૨૯

લોકસભામાં કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ ખેડૂત, પેપર લીક, દેશમાં ફેલાયેલો ડર, બજેટ અને ટેક્સ સાથે જોડાયેલા મુદ્દા પર મોદી સરકારને ઘેરી છે. રાહુલે કહ્યું કે દેશમાં ડરનો માહોલ છે. આ ડર સમગ્ર દેશમાં ફેલાયેલો છે. બીજેપીના અંદરના લોકો ડરેલા છે. મંત્રીઓ ડરેલા છે અને દેશના ખેડૂતો ડરેલા છે. રાહુલ ગાંધીએ તે પછીથી અભિમન્યુ સાથે જોડાયેલી પ્રાચીન ઘટનાનો ઉલ્લેખ કરતા સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે હજારો વર્ષ પહેલા હરિયાણામાં અભિમન્યુને ૬ લોકોએ ચક્રવ્યુહમાં મારી નાંખ્યો હતો. ચક્રવ્યૂહની અંદર ડર અને હિંસા થાય છે અને અભિમન્યુને તેમાં ફસાઈને ૬ લોકોએ મારી નાંખ્યા હતા.

તેમણે કહ્યું કે મેં ચક્રવ્યહૂ વિશે રિસર્ચ કર્યું અને જાણયું કે તેનું બીજું નામ હોય છે- પદ્મવ્યૂ, જે કમળના ફૂલના આકારનું હોય છે. રાહુલ ગાંધીએ આગળ કહ્યું કે ૨૧મી સદીમાં એક નવો ચક્રવ્યૂહ આવ્યો છે, તે પણ કમળના આકારનો છે. જે ચક્રવ્યૂહમાં અભિમન્યુને ફસાવવામાં આવ્યો હતો, આ જ વાત હિન્દુસ્તાનની જનતાની સાથે થઈ રહી છે. હિન્દુસ્તાનના યુવાનો, ખેડૂતો, માતાઓ-બહેનો, સ્મોલ અને મીડિયમ બિઝનેસની સાથે કરવામાં આવી રહ્યું છે. આ ચક્રવ્યુહનું ચિન્હ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની છાતી પર લઈને ચાલી રહ્યાં છે.

મહાભારતવાળા ચક્રવ્યૂહના ૬ લોકો દ્રોણાચાર્ય, કર્ણ, કૃપાચાર્ય, કૃતવર્મા, અશ્વધામા અને શકુની કન્ટ્રોલ કરી રહ્યાં હતા. આજે પણ ૬ લોકો કન્ટ્રોલ કરી રહ્યાં છે. જેમાં નરેન્દ્ર મોદીજી, અમિત શાહ જી, મોહન ભાગવત જી, અજિત ડોવાલ જી, અંબાણી અને અદાણી જી છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે બજેટમાં તમે ઈન્ટર્નશીપ પ્રોગ્રામની વાત કરી અને કહ્યું કે ઈન્ટર્નશીપ પોગ્રામ હિન્દુસ્તાનની પાંચ સૌથી મોટી કંપનીઓમાં થશે. તો આપણા દેશના ૯૯ ટકા યવાઓને આ પોગ્રામથી કોઈ ફાયદો થવાનો નથી. બજેટ સ્પીચનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે નાણાં મંત્રી નિર્મલા સીતારમણે પેપર લીક વિશે બજેટ સ્પીચ દરમિયાન કઈ કહ્યું નથી અને એજ્યુકેશન સેક્ટર માટે આ વખતે ઓછા પૈસા આપવામાં આવ્યા છે.

યુવાઓ માટે પેપર લીક સૌથી જરૂરી મુદ્દો છે, તેમણે આ અંગે એક શબ્દ પણ કહ્યો નથી. તમે એક તરફ પેપરલીક ચક્રવ્યૂહ અને બીજી તરફ બેરોજગાર ચક્રવ્યૂ બનાવી દીધો છે. વીસ વર્ષમાં શિક્ષા પર સૌથી ઓછું બજેટ ૨.૫ ટકા છે. ટેક્સ ટેરિઝમને રોકવા માટે બજેટમાં સરકારને કંઈ જ આપવામાં આવ્યું નથી. મિડલ ક્લાસની છાતી અને પીઠમાં છરો ઘુસાડવામાં આવ્યો છે.

રાહુલે ગૃહમાં કહ્યું કે, 'બજેટમાં ખેડૂતો અને મધ્યમ વર્ગ માટે કાંઈ પણ નથી. આ લોકો માત્ર અંબાણી અને અદાણી સાચવી રહ્યા છે.' તો અધ્યક્ષે કહ્યું કે, 'તમે તેમના પર ટિપ્પણી ન કરી શકો, કારણ કે તેઓ ગૃહના સભ્ય નથી.' ત્યારબાદ રાહુલે કહ્યું કે, 'શું હું તે લોકોને ૩, ૪ અથવા A1 અને A2 કહી શકું છું. દેશના બિઝનેસ પર આ બંનેનો હોલ્ડ છે. આપણે તેમના વિશે બોલવું તો પડશે જ, આપણે ચુપ ન રહી શકીએ. તમે (અધ્યક્ષ) ઈચ્છો તો, તેમના (અદાણી-અંબાણી) વિશે સંબોધન કરવા માટે અલગ વ્યવસ્થા આપી શકો છો, પરંતુ અમને ચૂપ ન કરી શકો.'

દેશમાં ફક્ત બે લોકો અર્થતંત્ર સંભાળી રહ્યા છે એમ કહીને રાહુલ ગાંધીએ સવાલ કર્યો કે 'બજેટમાં યુવાઓ માટે તમે શું કર્યું? તેનાથી શું એક પણ યુવાને રોજગારી મળશે? તમારો જે ઈન્ટર્નશિપ પ્રોગ્રામ છે તે ફક્ત એક મજાક છે કેમ કે તમે જ કહ્યું છે કે ઈન્ટર્નશિપ દેશની ફક્ત ટોપ ૫૦૦ કંપનીઓમાં જ થશે. તમે પહેલા યુવાઓના પગ ભાંગી નાખ્યા અને પછી તમે પાટાપિંડી કરવાના પ્રયાસ કરી રહ્યા છો.'

આ દરમિયાન તેમણે પેપર લીકનો મુદ્દો પણ ઉઠાવ્યો. તેમણે કહ્યું કે 'યુવાઓને તમે એક તરફ પેપરલીક, બીજી તરફ બેરોજગારીના ચક્રવ્યૂહમાં ફસાવ્યા. ૧૦ વર્ષમાં ૭૦ વખત પેપર લીક થયા છે. પેપર લીક અંગે બજેટમાં એક શબ્દ ઉચ્ચાર્યો નથી. એજ્યુકેશન બજેટમાં જે પૈસા આપવાના હતા તે પણ ન આપ્યા. બીજી બાજુ પહેલીવાર તમે સૈન્યના જવાનોને અગ્નિવીરના ચક્રવ્યૂહમાં ફસાવ્યા. અગ્નિવીરો માટે પણ એક રૂપિયો આપ્યો નથી.'

ભારતમાં નોકરીની કોઈ અછત નથી : કેન્દ્ર સરકાર

દેશમાં નોકરીઓની અછત નથી, લોકોને ભરમાવવામાં આવ્યા : મનસુખ માંડવીયા

નેશનલ કરિયર સર્વિસ પોર્ટલ પર ઉપલબ્ધ ૧૯ લાખથી વધુ રોજગારની તકો : મનસુખ માંડવિયા

નવી દિલ્હી, તા.૨૯

ભારતમાં બેરોજગારી દર સતત વધી રહ્યો છે. આ વર્ષે માર્ચમાં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, ભારતમાં બેરોજગારોમાં ૮૦ ટકા યુવાનો જ છે. હાલમાં જ લોકસભા ચૂંટણીમાં રોજગારી ટોચનો મુદ્દો હતો. આ પ્રકારના રિપોર્ટ હોવા છતાં નોકરીઓ અંગે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, દેશમાં નોકરીઓની અછત નથી, લોકોને ભરમાવવામાં આવ્યા છે.

મનસુખ માંડવિયાએ નેશનલ કરિયર સર્વિસ પોર્ટલ પર ઉપલબ્ધ ૧૯ લાખથી વધુ રોજગારની તકો હોવાનો દાવો કરતાં લોકસભામાં જણાવ્યું હતું કે, દેશમાં નોકરીઓની કોઈ અછત નથી.

ટીએમસીના સાંસદ કલ્યાણ બેનરજી દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરાકરે રોજગાર સર્જન માટે અનેક યોજનાઓ જાહેર કરી છે અને હવે બેરોજગારી દર ઘટી ૩.૨ ટકા થયો છે. તથા ભવિષ્યમાં તે ૩ ટકાથી વધુ ઘટવાનો આશાવાદ છે. જ્યારે કોઈપણ દેશની અર્થવ્યવસ્થા સાતથી આઠ ટકાના દરે વધે છે, તો તેની પાછળ તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ છે, સેવા ક્ષેત્રમાં વૃદ્ધિ છે, ઉત્પાદન ક્ષમતામાં વધારો છે. આ બધુ વધી રહ્યું હોય તો રોજગારની તકો પણ વધે છે. ચિંતા કરવાની વાત નથી. નેશનલ કરિયર સર્વિસ પોર્ટલ પર એમ્પ્લોયર્સે ૧૯ લાખ રોજગારીની તકો પોસ્ટ કરી છે. જેમાં લોકો અરજી કરી શકે છે. બેરોજગારી એક ગંભીર મુદ્દો છે, જે ભારતના આર્થિક દ્રષ્ટિકોણને પડકારે છે. વિવિધ કાર્યબળ ધરાવતા વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશો પૈકી એક એવા ભારતમાં બેરોજગારી દરમાં ઉતાર-ચડાવ દેશના વિકાસ અને વૃદ્ધિ પર અસરો કરે છે. ભારતમાં વર્તમાન બેરોજગારીના દરના સવાલમાં શ્રમ મંત્રીએ જવાબ આપ્યો છે કે, તમારા પરિવારમાં કોઈને પણ નોકરી જોઈએ, તો જો તે યોગ્યતા ધરાવતુ હશે તો નોકરી મળશે. દેશમાં નોકરીઓની કોઈ અછત નથી. પહેલા બેરોજગારી દર ૬ ટકા હતો. આજે ઘટી ૩.૨ ટકા થયો છે. જે ભવિષ્યમાં ૩ ટકાથી વધુ ઘટશે.

રાહુલ ગાંધીના ભાષણને લઈને ભારે હોબાળો થયો

રાહુલ ગાંધીના નિવેદન પર નિર્મલા સીતારમણે પકડી લીધું માથું

નાણામંત્રી નિર્મલા સીતારમણ તેમના નિવેદન પર એક મિનિટ માટે શરમાઈ ગયા હતા : બાદમાં હસવા માડ્યા

નવી દિલ્હી, તા.૨૯

લોકસભામાં સામાન્ય બજેટ પર ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીના ભાષણને લઈને ભારે હોબાળો થયો હતો. શાસક પક્ષે રાહુલ ગાંધીના અનેક નિવેદનો સામે વાંધો ઉઠાવ્યો હતો. આ દરમિયાન સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષના નેતાને ગૃહના નિયમોનું પાલન કરવાનું પણ કહ્યું હતું. પોતાના ભાષણ દરમિયાન રાહુલ ગાંધીએ સરકાર પર અનેક આરોપો લગાવ્યા હતા. આ દરમિયાન તેમણે બજેટની ટીકા કરતા કહ્યું કે, એક સમયે ઓબીસીની ભાગીદારીનો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, કેન્દ્રીય બજેટ બનાવનારા ૨૦ અધિકારીઓમાંથી માત્ર એક લઘુમતી અને એક ઓબીસી સમુદાયમાંથી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ તેમના નિવેદન પર એક મિનિટ માટે શરમાઈ ગયા હતા. આ બાદ તે હસવા માડ્યા હતા. જે બાદ રાહુલે કહ્યું કે જે બાદ તેણે પોતાનું કપાળ પકડી લીધું હતું.

ભાષણ દરમિયાન રાહુલ ગાંધીએ સ્પીકરને બજેટ પછી હલવા સમારોહની તસવીર બતાવવાની પરવાનગી માંગી હતી, પરંતુ સ્પીકરે આ વિનંતી ફગાવી દીધી હતી. ત્યારબાદ રાહુલે આ તસવીર વિશે ખુલાસો કર્યો અને કહ્યું કે, કેન્દ્રીય બજેટ ૨૦૨૪ તૈયાર કરી રહેલા ૨૦ અધિકારીઓમાંથી માત્ર બે જ લઘુમતી સમુદાયના છે. તેણે કહ્યું કે, તે તસવીરમાં પણ હાજર નથી.

૨૦ અધિકારીઓએ મળીને ભારતનું બજેટ તૈયાર કર્યું છે, જેમાં માત્ર એક લઘુમતી છે અને એક OBC છે. બજેટના હલવાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, પરંતુ દેશના ૭૩% લોકો તેમાં સામેલ નથી. કેન્દ્રીય બજેટ પર રાહુલ ગાંધીના ભાષણ દરમિયાન લોકસભામાં હોબાળો થયો હતો. ગાંધી પર નિશાન સાધતા કિરેન રિજિજુએ કહ્યું કે, તમને ગૃહના નિયમોની ખબર નથી, તમે ગૃહના અધ્યક્ષને પડકાર આપો છો. બજેટ ભાષણમાં પેપર લીક મુદ્દાનો ઉલ્લેખ ન કરવા બદલ રાહુલ ગાંધીએ નિર્મલા સીતારમણ પર પ્રહાર કર્યા હતા. આ મુદ્દે વાત કરતા તેમણે આરોપ લગાવ્યો કે, છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં પેપર લીકના ૭૦ મામલા સામે આવ્યા છે. કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ૯૯% યુવાનો કેન્દ્રીય બજેટ ૨૦૨૪માં રજૂ કરવામાં આવેલા ઈન્ટર્નશિપ પ્રોગ્રામ માટે લાયક નહીં હોય. તેમણે કહ્યું કે, તમે યુવાનો માટે શું કર્યું? આ દરમિયાન રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ રાહુલ ગાંધીના નિવેદન પર ઉભા થયા હતા. તેમણે કહ્યું કે, વિપક્ષી નેતાઓ અગ્નિવીરને લઈને દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

નાસાએ X એકાઉન્ટ પર વીડિયો પોસ્ટ કર્યો

પૃથ્વી પર તો ઠીક પણ અંતરીક્ષમાં પણ થઈ ઓલિમ્પિકની ઉજવણી!

અવકાશયાત્રીઓમાં પણ વિવિધ રમતો રમતા જોવા મળ્યા

નાસા, તા.૨૯

પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪ની શરૂઆત થઈ ગઈ છે. જેમાં મનુ ભાકરે દેશ માટે મેડલ જીતીને ખાતું પણ ખોલી નાખ્યું છે. પૃથ્વી પર તો ઓલિમ્પિક્સનો ક્રેઝ છે જ પરંતુ સ્પેસ સ્ટેશન પર અવકાશયાત્રીઓમાં પણ વિવિધ રમતો રમતા જોવા મળ્યા હતા. નાસાએ એક વીડિયો પોસ્ટ કર્યો છે. નાસાએ ઠ એકાઉન્ટ પર વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં હાજર અવકાશયાત્રીઓ શૂન્ય ગુરુત્વાકર્ષણમાં મશાલ (ટોર્ચ) સાથે જોવા મળે છે. ત્યારબાદ સ્પોર્ટ્સ ઈવેન્ટનો વારો આવે છે. જેમાં કોઈ રેસ લગાવી રહ્યું છે, કોઈ ગોળાફેંક કરી રહ્યું છે, કોઈ વેઈટ લિફ્ટિંગ, તો કોઈ રનિંગ જેવી ગેમની નકલ કરતા જોવા મળે છે. હાલ આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે.

વીડિયો પર લોકોએ અલગ-અલગ કોમેન્ટ પણ કરી છે. તેમજ લોકોએ આ વીડિયોના વખાણ પણ કર્યા છે.

અંતરિક્ષમાં શૂન્ય ગુરુત્વાકર્ષણની વચ્ચે પોતાને સ્થિર રાખવું ખૂબ જ મુશ્કેલ છે. આવી સ્થિતિમાં, અંતરિક્ષ યાત્રીઓ જે રીતે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ઓલમ્પિકની ઉજવણી કરી રહ્યા છે તે ખૂબ જ ચોંકાવનારું છે.

નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ૫ જૂન, ૨૦૨૪ના રોજ ત્રીજી વખત અંતરીક્ષમાં ગયા હતા. લગભગ ૨૫ કલાક વાળ તેઓ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર પહોંચ્યા હતા. મિશન હેઠળ, તે ૮ દિવસ સુધી સંશોધન અને પ્રયોગો કર્યા પછી ૧૩ જૂને પૃથ્વી પર પાછા ફરવાના હતા, પરંતુ અવકાશયાનને તકનીકી સમસ્યાઓના કારણે તેઓ હજુ સુધી અવકાશમાં ફસાયેલા જ છે.

ચાર વર્ષની કેદના કેસમાં અપીલ મંજૂર

સપા સાંસદ અફઝલ અંસારીને હાઈકોર્ટમાંથી મોટી રાહત

ત્રણેય અપીલો પર લાંબી સુનાવણી બાદ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો

પ્રયાગરાજ, તા.૨૯

સમાજવાદી પાર્ટીના સાંસદ અફઝલ અંસારીને આજે સોમવારે અલ્હાબાદ હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. અલ્હાબાદ હાઈકોર્ટે ગેંગસ્ટર એક્ટ હેઠળ ચાર વર્ષની સજા વિરુદ્ધ અફઝલ અંસારીની અપીલ સ્વીકારી લીધી છે. જેને પગલે કોર્ટે રાજ્ય સરકાર અને દિવંગત ધારાસભ્ય કૃષ્ણાનંદ રાયના પુત્ર પિયુષ રાયે કરેલી અફઝલ અંસારીની સજા વધારવાની અપીલને ફગાવી દીધી હતી. જસ્ટિસ સંજય કુમાર સિંહે આ આદેશ આપ્યો હતો. ત્રણેય અપીલો પર લાંબી સુનાવણી બાદ કોર્ટે ૪ જુલાઈના રોજ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.અફઝલ અન્સારી વતી વરિષ્ઠ એડવોકેટ ગોપાલ ચતુર્વેદી અને ડી.એસ. મિશ્રા તેમજ એડવોકેટ ઉપેન્દ્ર ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, પ્રોસિક્યુશન દ્વારા તૈયાર કરાયેલા ગેંગ ચાર્ટમાં ઘણા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો પરંતુ ગેંગસ્ટર કેસમાં કાર્યવાહી માત્ર ત્રણ જ લોકો સામે કરવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટમાં તપાસકર્તાના નિવેદન પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, આ રાજકીય દ્વેષથી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જે મૂળ કેસના આધારે અફઝલ અંસારીને ગેંગસ્ટર એક્ટ હેઠળ સજા ફટકારવામાં આવી હતી, તે કેસમાં તેને નિર્દોષ છોડી દેવામાં આવ્યો છે અને ગેંગસ્ટર એક્ટ હેઠળના આ કેસ પછી તેની સામે માત્ર બે કેસ નોંધાયા અને તે પણ ૨૦૦૯ અને ૨૦૧૪ની ચૂંટણીમાં લોક પ્રતિનિધિત્વ અધિનિયમ સાથે જોડાયેલા.તપાસકર્તાએ પોતે ટ્રાયલ કોર્ટમાં આપેલા નિવેદનમાં કહ્યું છે કે, તે ચાર વર્ષ સુધી મોહમ્મદાબાદ પોલીસ સ્ટેશનનો પ્રભારી હતો અને કોઈએ અફઝલ અંસારી વિરુદ્ધ મામૂલી ફરિયાદ પણ નોંધાવી ન હતી. આવી સ્થિતિમાં અફઝલ અંસારીની સજા વધારવાનો કોઈ પ્રશ્ન જ ઉભો થતો નથી, જો કે કાયદા મુજબ રાજકીય દ્વેષ આધારિત કેસોમાં ગેંગસ્ટર એક્ટ લાગુ પડતો નથી, તેથી અફઝલ અંસારીને આપવામાં આવેલી સજા રદ થવી જોઈએ.અગાઉ, રાજ્ય સરકારની અપીલ પર, એડિશનલ એડવોકેટ જનરલ પી.સી. શ્રીવાસ્તવ અને એડિશનલ ગવર્નમેન્ટ એડવોકેટ જે.કે.ઉપાધ્યાયે તેમની ચર્ચામાં કહ્યું હતુ કે, ટ્રાયલ કોર્ટે અફઝલ અંસારીને ગેંગસ્ટર એક્ટ હેઠળ ઓછી સજા આપી છે. ટ્રાયલ કોર્ટે અફઝલ અંસારીની ઉંમર (૭૦ વર્ષ) અને તેમના બે વખત સાંસદ અને ઘણી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયાને ધ્યાનમાં રાખીને આવું કર્યું, જ્યારે કાયદા અનુસાર, ટ્રાયલ કોર્ટે ગુનાના સમયે આરોપીની પ્રતિબદ્ધ ઉંમર ધ્યાનમાં લેવી જોઈતી હતી.આ સાથે ટ્રાયલ કોર્ટે અફઝલ અંસારીની સાંસદ અને ધારાસભ્ય તરીકે ચૂંટાયાને પણ ઓછી સજાનો આધાર બનાવ્યો છે, પરંતુ આ પણ વ્યાજબી નથી. કારણ કે જેના પર દેશનું ભવિષ્ય ઘડવાની જવાબદારી છે તે જ ગુના કરે તો તેમને મહત્તમ સજા મળવી જોઈતી હતી. પીયૂષ રાયના એડવોકેટ સુદિષ્ટ કુમારે સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી આ દલીલો સાથે સંપૂર્ણ રીતે સહમત દર્શાવી હતી.મહત્ત્વપૂર્ણ છે કે, અફઝલ અંસારીને ગેંગસ્ટર એક્ટ હેઠળ ગાઝીપુરની સ્પેશિયલ કોર્ટે સાંસદ/ધારાસભ્ય દ્વારા ચાર વર્ષની જેલની સજા ફટકારી હતી, જેની સામે અફઝલ અંસારીએ અપીલ દાખલ કરી હતી. આ અપીલમાં સજા રદ્દ કરવાની માંગ કરવામાં આવી છે. ધારાસભ્ય કૃષ્ણાનંદ રાયની હત્યાના કેસના આધારે મુખ્તાર અંસારી, અફઝલ અંસારી અને અજાઝુલ હક વિરુદ્ધ ગેંગસ્ટર એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે અગાઉ અફઝલ અંસારીની સજા પર સ્ટે આપવાનો ઈક્કાર કરી દીધો હતો. આ અંગે અફઝલ અંસારીએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સજા પર સ્ટે આપતાં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટને ૩૦ જૂન સુધીમાં અપીલનો નિકાલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. બીજી તરફ રાજ્ય સરકાર અને દિવંગત ધારાસભ્ય કૃષ્ણાનંદ રાયના પુત્ર પીયૂષ રાયે અફઝલ અન્સારીની સજા વધારવા માટે અપીલ દાખલ કરી હતી. સરકારની અપીલ પર અફઝલ વતી વાંધો દાખલ કરવામાં આવ્યો હતો.

એક જ ઝાટકે ૭૨ મિસાઈલ મારો કરી શકે છે એસ-૪૦૦

દુશ્મનના વિમાનોનો ખાતમો કરે એવા 'સુદર્શન ચક્ર'નું પરીક્ષણ

ટેસ્ટિંગ દરમિયાન 'સુદર્શન ચક્ર' તરફ દુશ્મનના રાફેલ, સુખોઈ અને મિગ ફાઈટર જેટ મોકલવામાં આવ્યા હતા

નવી દિલ્હી, તા.૨૯

ભારતીય વાયુ સેનાએ તાજેતરમાં દુશ્મનના ૮૦% વિમાનનો ખાતમો કરી નાખતા 'સુદર્શન ચક્ર'નું સફળ પરીક્ષણ કર્યું છે. ટેસ્ટિંગ દરમિયાન 'સુદર્શન ચક્ર' તરફ દુશ્મનના રાફેલ, સુખોઈ અને મિગ ફાઈટર જેટ મોકલાયા હતા, જોકે આ હથિયારે તુરંત કાર્યવાહી કરી હતી અને આમાંથી ૮૦ ટકા ટાર્ગેટને તોડી પાડ્યા હતા. સુદર્શન ચક્ર એટલે કે S-400 AD વિશ્વનું સૌથી ખતરનાક એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ છે. ભારત પાસે આવા ત્રણ સુદર્શન ચક્ર છે, જ્યારે બે રશિયાથી આવવાના છે. આજે જે પરીક્ષણ કરવામાં આવ્યું છે, તેમાં વાયુસેનાના રાફેલ, Su-30 અને મિગ વિમાનોને દુશ્મનના ફાઈટર જેટ બનાવાયા હતા, તેને સુદર્શન ચક્રએ તોડી પાડ્યા છે. આજના ટેસ્ટિંગ દરમિયાન સિમ્યુલેટેડ થિયેટર લેવલનો યુદ્ધાભ્યાસ કરાયો હતો.

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાના પ્રવાસે ગયા હતા, જ્યાં રશિયાએ વિશ્વાસ આપ્યો હતો કે, બાકીના બે સુદર્શન ચક્ર અને જી-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ૨૦૨૫ અને ૨૦૨૬માં ભારત મોકલવામાં આવશે. યૂક્રેન સાથે યુદ્ધ ચાલતુ હોવાથી રશિયાએ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ મોકલવામાં વિલંબ કર્યો છે.

ભારતે આ હથિયારનું પરીક્ષણ કરી દુશ્મન દેશ પાકિસ્તાન અને ચીનનું પણ ટેન્શન વધારી દીધું છે. કારણ કે, ભારત પાસે એસ-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ હોવાથી ચીન અથવા પાકિસ્તાન સરહદ પાસે નાપાક હરકત પણ નહીં કરી શકે. આ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમના બાકીના યુનિટ્સ આવવાથી દેશની સુરક્ષા અભેદ્ય બની જશે. એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમના ઓપરેટર્સની ટ્રેનિંગ પણ પુરી થઈ ગઈ છે.એસ-૪૦૦માં એક ઝાટકે ૭૨ મિસાઈલ મારો કરવાની ક્ષમતા છે. આની ખાસ વાત એ છે કે, આ એર ડિફેન્સ સિસ્ટમને ક્યાં પણ મૂવ કરવી ખૂબ જ સરળ છે.

માઈનસ ૫૦ ડિગ્રીથી લઈને માઈનસ ૭૦ ડિગ્રી સુધીના તાપમાનમાં અડીખમ રહેતી આ મિસાઈલને દુશ્મન દેશ માટે નષ્ટ કરવી પણ મુશ્કેલ છે, કારણ કે તેની કોઈ ફિક્સ પોઝિશન હોતી નથી, તેથી તેને સરળતાથી ડિટેક્ટ કરી શકાતું નથી. એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમમાં ચાર પ્રકારની મિસાઈલ હોય છે, જેની રેન્જ ૪૦, ૧૦૦, ૨૦૦ અને ૪૦૦ કિલોમીટર સુધીની છે. આ સિસ્ટમ ૧૦૦થી લઈને ૪૦ હજાર ફૂટ ઉપર ઉડતા કોઈપણ ટાર્ગેટને ઓળખીને નષ્ટ કરી શકે છે. એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમની રડાર ખૂબ જ અત્યાધુનિક અને શક્તિશાળી છે.

ત્રણ વિદ્યાર્થીઓના મૃત્યુના મુદ્દાનો સંસદમાં પડઘો

કોચિંગ આજે એક પ્રકારનો ધંધો બની ગયો છે : ઉપરાષ્ટ્રપતિ

નવી દિલ્હી, તા.૨૯

દિલ્હીમાં IAS કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પાણી ભરાવાને કારણે ત્રણ વિદ્યાર્થીઓના મૃત્યુના મુદ્દાનો આજે સોમવારે સંસદમાં પડઘો પડ્યો. જ્યારે રાજ્યસભામાં આ અંગે ચર્ચા થઈ તો અધ્યક્ષ જગદીપ ધનખરે પણ ટિપ્પણી કરી હતી.

તેમણે કહ્યું કે, કોચિંગ આજે એક પ્રકારનો ધંધો બની ગયો છે. જ્યારે આપણે મોટાભાગે અખબારો વાંચીએ છીએ, ત્યારે આપણને પ્રથમ એક કે બે પાનામાં તો તેમની જાહેરાતો જ જોવા મળે છે.'' ઉલ્લેખનીય છે કે, શનિવારે ભોંયરામાં પાણી ભરાવાને કારણે કોચિંગના ત્રણ વિદ્યાર્થીઓના મૃત્યુ થયા હતા. આ સિવાય ગયા અઠવાડિયે જ વરસાદ બાદ વીજ શોક લાગવાથી એક વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું.

ઉલ્લેખનીય છે કે, આજે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેના ઓલ્ડ રાજેન્દર નગર સ્થિત IAS કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ પહોંચ્યા હતા, જ્યાં ૨૭ જુલાઈના રોજ 3 UPSC ઉમેદવારોના ડૂબી જવાથી મૃત્યુ થયા હતા. આ દરમિયાન વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ તેમને મળ્યા અને તેમની ચિંતા વ્યક્ત કરી. દિલ્હી ભાજપના નેતાઓ અને મહિલા કાર્યકરોએ દિલ્હીમાં AAP કાર્યાલય પાસે બંગડીઓ અને વાસણો બતાવીને AAP સરકાર સામે વિરોધ કર્યો. ઓલ્ડ રાજેન્દ્ર નગરમાં બનેલી ઘટનાને લઈને આ વિરોધ કરવામાં આવ્યો હતો.

દિલ્હીના એલજી વીકે સક્સેનાએ જૂના રાજેન્દ્ર નગરમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે વાત કરી અને તેમને આ મામલે કડક કાર્યવાહીનું આશ્વાસન આપ્યું. AAP નેતાઓ અને કાર્યકરોએ ન્ય સચિવાલયની બહાર વિરોધ પ્રદર્શન કર્યું. AAP નેતાઓએ આ દુર્ઘટના અંગે સ્ઝાદ્ઘ કમિશનર અને અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

બાબા રામદેવને હાઇકોર્ટનો નવો ઝટકો

બાબા રામદેવે દવા પર કરેલો દાવો પરત ખેંચવો પડશે

હાઇકોર્ટે યોગગુરુ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણનને ૩ દિવસમાં આદેશ પૂરો કરવા માટે કહ્યું

નવી દિલ્હી, તા.૨૯

યોગગુરુ બાબા રામદેવને આજે સોમવારે ફરી એકવાર કોર્ટ તરફથી ઝટકો લાગ્યો છે. હવે દિલ્હી હાઈકોર્ટે બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને સોશિયલ મીડિયા પરથી દાવો પાછો ખેંચવા કહ્યું છે જેમાં 'કોરોનિલ'નો કોરોનાના ઈલાજ તરીકે પ્રચાર કરવામાં આવ્યો હતો. આ સાથે એલોપેથીની અસરને લઈને જે વાતો કહેવામાં આવી છે તે પણ પાછી લેવી પડશે. કોર્ટે તેમને ૩ દિવસમાં આવું કરવા માટે કહ્યું છે.ચુકાદો આપતી વખતે જસ્ટિસ અનુપ જયરામ ભંભાણીની ખંડપીઠે કહ્યું કે, ''હું અરજી મંજૂર કરું છું. મેં કેટલીક સામગ્રી, પોસ્ટ્સ દૂર કરવા કહ્યું છે. મેં બચાવ પક્ષને ત્રણ દિવસમાં તેને દૂર કરવા કહ્યું છે, અન્યથા મેં સોશિયલ મીડિયા પ્લેટફોર્મને આમ કરવા માટે નિર્દેશ આપ્યો છે.'' જસ્ટિસ અનુપ જયરામ ભંભાણીએ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ ૨૧ મેના રોજ આ મુદ્દે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. દિલ્હી મેડિકલ એસોસિએશન (DMA) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કોર્ટે આ આદેશ આપ્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે, બાબા રામદેવની કંપનીએ કોરોનિલ કીટ વિશે ખોટા દાવા કર્યા હતા અને તેને કોરોના રોગનો ઈલાજ ગણાવ્યો હતો, જ્યારે તેને ઈમ્યુનિટી બૂસ્ટર તરીકેનું લાઈસન્સ આપવામાં આવ્યું હતું. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બાબા રામદેવનો દાવો કોરોનિલ સહિત તેના ઉત્પાદનોના વેચાણને વધારવા માટે ખોટો પ્રચાર અભિયાન અને માર્કેટિંગ વ્યૂહરચના છે. આ આદેશ એવા સમયે આવ્યો છે જયારે ઉત્તરાખંડ રાજ્ય લાઈસન્સિંગ ઓથોરિટીએ ૧૫ એપ્રિલે પતંજલિ આયુર્વેદ લિમિટેડ અને દિવ્યા ફાર્મસીના ૧૪ ઉત્પાદનોના ઉત્પાદન લાયસન્સ સસ્પેન્ડ કરવાનો આદેશ જારી કર્યો હતો.

મનમોહીની દાદીજીનાં સ્મૃતિ દિવસે

અમરેલીનાં બ્રહ્માકુમારી સેવાકેન્દ્ર દ્વારા ગોડલી ગાર્ડનમાં વૃક્ષારોપણ કરાયું

૧૧ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું

અમરેલી, તા. ૨૯

અમરેલી બ્રહમાકુમારીઝ ખાતે આવેલ ગોડલી ગાર્ડનમાં મનમોહીની દાદીજીના સ્મૃતિ દિવસ નિમિતે એક દીદી મનમોહીનીજી અને બીજા અને દાદી પ્રકાશમણીજીની યાદમાં એટલે દાદી–દીદી જોડી સમાનબે ટાગરના ફુલના છોડનું વૃક્ષા રોપણ અમરેલી સેવા કેન્દ્રના બ્ર.કુ. કિંજલદીદી, બ્ર.કુ. તૃપ્તીદીદી બ્ર.કુ. કોમલદીદી બ્ર.કુ. આઈ.પી.બારડ તથા બ્ર.કુ. ભીખુભાઈ દુધરેજીયાએ વૃક્ષના ઉછેર કરવાની જવાબદારી લીધેલ સાથે સાથે ૬ ટગર, ૨ કેળ તથા ૪ ચાંદનીના વૃક્ષોનું વૃક્ષા રોપણ કરવામાં આવેલ છે.

શિક્ષક હાર્દિકભાઈ વ્યાસ પર અભિનંદન વર્ષા

પરબડી પ્રાથમિક શાળામાં ગજલ સંગ્રહનું વિમોચન અને કવિ સંમેલન યોજાયુ

કાર્યક્રમનું સંચાલન કવિશ્રી વડાવિયા દ્વારા થયું

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાના પરબડી પ્રાથમિક શાળાના શિક્ષક હાર્દિક મહેન્દ્રભાઈ વ્યાસના દ્રિતીય ગઝલસંગ્રહ '' શિખર વહે,ધજા વહે...''નું અત્રે ગિરધરભાઈ સંગ્રહાલય બાલભવન ખાતે વિમોચન કરવામાં આવ્યું.આ પ્રાગટયોત્સવમાં બહોળી સંખ્યામાં ભાવિકો અને રસીકલોકો જોડાયા હતા.પુસ્તકનું વિમોચન કવિ પત્નિ દિપાલી વ્યાસ અને પુત્ર મહર્ષિ વ્યાસ દ્રારા કરવામાં આવ્યુ હતું.આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને આદરણીય છેલભાઈ વ્યાસ રહયા હતા.સ્વરકાર વિપુલ કે.ભટ્ટીએ કવિની રચનાને સ્વરબધ્ધ કરી હતી અને ઉદઘોષક ઉમેશભાઈ ચાવડાએ કવિની રચનાનું પઠન કર્યુ હતું.કવિના નવા પ્રગટ થયેલ સંગ્રહ વિશે કવિશ્રી સ્નેહી પરમાર અને વિદુષી પ્રતિભા કાલિંદીબેન પરીખે ભાવવાહી શૈલીમાં વકતવ્ય આપ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિશ્રી હરેશ વડાવિયા દ્રારા કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમના બીજા તબકકામાં કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં ગુજરાતભરમાં જાણીતા કવિઓએ કાવ્યપાઠ કર્યો હતો જેમાં કવિશ્રી ભરત વિંઝુડા,હરજીવન વ્યાસ,કેતન કાનપરિયા,ગોપાલ ધકાણ,અગન રાજયગુરૂ વિગેરે કવિઓએ કાવ્યપાઠ કર્યો હતો.આ કવિ સંમેલનનું સંચાલન યુવા કવિ ગોપાલ ધકાણ દ્રારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમની સફળતા માટે ગીરધરભાઈ સંગ્રહાલય બાલભવનના પ્રમુખશ્રી જવાહરભાઈ મહેતા અને ચેરમેન મુકુંદભાઈ મહેતાએ શુભેચ્છા વ્યકત કરી હતી અને કવિને અભિનંદન પાઠવ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે કવિનો આ બીજો ગઝલસંગ્રહ છે.આ અગાઉ કવિનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પિંડથી બ્રહ્માંડ'વર્ષ ૨૦૧૭માં પ્રગટ થયેલો અને રાવજી પટેલ એવોર્ડ પ્રાપ્ત થયેલો.હવે આ બીજા સંગ્રહ '' શિખર વહે,ધજા વહે...''ને પણ જબરો પ્રતિસાદ મળી રહયો છે.

જીલ્લા વિદ્યાસભા સંચાલિત

અમરેલીની માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં કવિ ઉમાશંકરની જન્મ જંયતીની ઉજવણી

''સાહિત્ય સંગોષ્ઠિ''નાં નામે ઉજવણી કરવામાં આવી

કવિશ્રી ઉમાશંકર જોશીની
૧૧૪ મી જન્મજયંતિ નિમિત્તે
સાહિત્ય સંગોષ્ઠિ.....

અમરેલી, તા. ૨૯

અમરેલી જીલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ – અમરેલી ખાતે તા. ૨૨/૦૭/૨૦૨૪ ના રોજ ગાંધી યુગના મૂર્ધન્ય કવિ ઉમાંશકર જોશીની ૧૪૪મી જન્મ જયંતિની 'સાહિત્ય સંગોષ્ઠી' નામે ઉજવણી કરવામાં આવી. જે અન્તર્ગત ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડો. અરૂણાબેન પટેલે હાજર રહેલ મહેમાનો તથા સ્ટાફગણ અને વિદ્યાર્થીનીઓનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. બી.આર.ચુડાસમા સાહેબે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. આજના પ્રસંગે ગુજરાતી વિભાગના અધ્યાપક સહાયક ડો. નિરૂપાબેન ટાંક દ્વારા કવિ ઉમાશંકર જોશીની સાહિત્ય યાત્રાનો પરિચય આપ્યો હતો. કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા ઉમાશંકર જોશીના જીવન, કવન, કાવ્ય પઠન, કાવ્યગાન તેમજ એકાંકીનું વાચિકમ રજૂ કરવામાં આવેલ. જે અન્તર્ગત સોંદરવા હાર્દિકા અને લીંબાસીયા ઉર્મિએ કાવ્યગાન, મુંગળપરા રોમાન્સીએ કાવ્યપઠન, પરમાર નિરાલી પઠાણ સુનેરા, બસિયા ઉર્મિલાએ ઉમાશંકર જોશીના જીવન અને કવનનો પરિચય આપ્યો હતો. આ સાથે વાઘેલા ઉર્મિલા દ્વારા 'હવેલી' નામક એકાંકીનું વાચિકમ રજુ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભાર દર્શન હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રા.ડો. ગીરીશ વેલિયત કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન કોલેજની વિદ્યાર્થિની ખાખડીયા હિના દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર કોલેજ સ્ટાફગણ અને વિદ્યાર્થિનો તથા હાજર રહેલ મહેમાનો દ્વારા ઉમાશંકર જોશીને શબ્દરૂપી યાદ કરી સાહિત્યક વંદના કરવામાં આવી હતી. આજના આ કાર્યક્રમ બદલ અમરેલી જીલ્લા વિદ્યાસભાના પ્રમુખ માન. વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. બી. આર. ચુડાસમા સાહેબે તેમજ વિદ્યાસભા કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી અને સમગ્ર કોલેજ સ્ટાફ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

અમરેલીની વિકલાંગ યુવતીએ પેરાએથલેટિક સ્પર્ધામાં અગ્રેસર

અમરેલી, તા. ૨૯

અમરેલી જીલ્લાની કિશોર ભાઈ કોલડિયાની ૧૯ વર્ષીય પુત્રી કે જેનું ૧૬.૧૧.૨૦૨૦ ના રોજ જયારે તે ૧૬ વર્ષની હતી ત્યારે એક અકસ્માતમાં તેનું આખું ફેમિલી હતું, જેમા તેનાં મમ્મી પપ્પાને પણ ગંભીર ઈજા થય હતી. રાજકોટ ઓપરેશન થયા બાદ તે કચ્છમાં આવેલી બિદડા સર્વોદય ટ્રસ્ટમાં ફીજીઓથેરાપિસ્ટ અશોક ત્રિવેદીની કસરત અને ત્યાંના ચેરમેન અને ટ્રસ્ટીના માર્ગદર્શન બાદની તાલીમ હેઠળ તેણે પેરા સ્પોર્ટસ રસ દાખવ્યો. તેના મમ્મી પપ્પા, પુરી ફેમિલી અને સર્વોદય ટ્રસ્ટના સહકારના લીધે તેણે ઘણી રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ પણ લીધો હતો અને ૩ વર્ષ બાદ ૧૫ થી ૧૭ જુલાઈ ૨૦૨૪ ના રોજ ૧૩ મી જુનિયર અને સબ જુનિયર નેશનલ પેરા એથલેટિક ચેમ્પિયનશિપ કે જે બેંગલોરમાં યોજાઈ હતી. જેમાં ભારતના બધાં રાજય ખેલાડીઓ આવી ભાગ લીધો હતો તેમાં એફ.૫૧ કેટેગરીમાં ડિસ્ક થ્રો કલબ થ્રો બંનેમાં ગોલ્ડ મેડલ જીત્યા છે.

અમરેલી : નાગદેવતા મંદિરે ડો. અનુ શ્રી દ્વારા શિવ પુજા

જુનાગઢ, તા. ૨૯

જુનાગઢના શિવ કન્યા ડો. અનુશ્રી સાંઈ મલ્લિકાએ અમરેલીમાં આવેલા નાગદેવતા મહાદેવના મંદિરે શિવપુજા કરેલી અને ત્યાં સંત્સંગ કરેલો. ડો. અનુશ્રી બહેને અત્યાર સુધીમાં અલગ–અલગ શિવમંદિરોમાં જઈ ૧૬૦૦ થી વધારે શિવાલયોમાં પુજા કરેલ છે. તેઓ શિવ, સાંઈ અને માતાજીનાં અતૂટ શ્રધ્ધા ધરાવે છે. માનવ કલ્યાણની સેવાઓ કરતી સંસ્થાઓમાં પણ તેઓ ભુખ્યાને ભોજન કરાવી મદદરૂપ નથી. તેઓ દ્વારા આવી સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે.

સાવરકુંડલાનાં સીમરણ વાડીએ એસટીનો સ્ટોપ

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા તાલુકાના સીમરણ વાડીએ આવતી એક પણ એકસપ્રેસ બસનો સ્ટોપ આપવામાં આવતો નથી. અહીં સીમરણ વાડીએ સીમરણ, જીરા, બોરાળા, કરજાળા, અને નવા ચરખા, એમ પાંચ ગામનું બસ સ્ટેશન છે. પરંતુ લાંબા રૂટની એક પણ એસ.ટી. બસનો સ્ટોપ આપવામાં આવતો નથી. જેના કારણે આ પાંચ ગામના મુસાફરોને ખૂબ જ મુશ્કેલી પડે છે. સીમરણ વાડીથી મુસાફરોને એસટી બસમાં લાંબી મુસાફરી કરવી હોય તો સાવરકુંડલા અથવા તો અમરેલી જવું પડે છે, જેમ કે રાજકોટ, જામનગર, દ્વારકા, ભુજ, અમદાવાદ, સુરત જેવા શહેરોમાં જવું હોય તો એક પણ એકસપ્રેસ બસનો સ્ટોપ અહીં જ હોવાથી ઘણી મુશ્કેલી સહન કરવી પડે છે. તો એકસપ્રેસ એસટી બસનો સીમરણ વાડીએ સ્ટોપ આપવામાં આવે તો અહીં ઘણી ટ્રાફિક પણ મળી શકે તેમ છે.

ચલાલાલ ખાતે કારગીલ વિજય દિનની પુર્વ સંધ્યાને મશાલ રેલી યોજાઈ

ચલાલા, તા. ૨૯

પુર્વસંધ્યા એ કારગિલ વિજય દિવસના ૨૫ મી વર્ષગાંઠના અવસરે ચલાલા શહેર યુવા મોરચા દ્વારા રેલીનું ભવ્ય આયોજન કરી કારગિલ યુદ્ધમાં શહીદ થયેલ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જેમાં ખાસ ઉપસ્થિત ગાયત્રી સંસ્કાર ધામના વડા પૂજય રતિદાદા, ગાયત્રી સંસ્કારધામા સંચાલક મહેશભાઈ મહેતા, ચલાલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ માલવિયા, જયરાજભાઈ વાળા, ભયલુભાઈ વાળા, હિંમતભાઈ દોંગા, પ્રકાશભાઈ કારિયા, ઘનશ્યામભાઈ કાથરોટીયા, પ્રદીપભાઈ પુરોહિત, વનરાજભાઈ જેબલીયા, મેહુલભાઈ સોજીત્રા, મેનુભાઈ રાઠોડ, રમેશભાઈ અંબુજા, તેમજ ચલાલા શહેર ભાજપના પ્રમુખ અવિરતભાઈ માલા, મહામંત્રી પ્રદીપભાઈ હિરપરા, સહિત સમગ્ર યુવાભાજપ ટીમ દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આર્મીના જવાન લાલભાઈ રાઠોડ તથા સમીરભાઈ સવંટના વરદહસ્તે અખંડ જયોત ૨૪ કલાક માટે પ્રજવલિત કરવામાંઆવી હતી.

યુનોની કથા હિસ્ટોરિકલ નથી સ્પ્રીચ્યુઅલ છે : મોરારિબાપુ

ન્યુયોક યુનો હેડકવાર્ટરમાં રામકથા 'માનસ વસુધૈવ કુંટુંબકમ'નો પ્રારંભ

પુ.મોરારિબાપુ રામ નામનો સમગ્ર વિશ્વમાં પહોંચાડવા માટે કામ કરે છે

અમરેલી, તા.૨૯

પુ.મોરારિબાપુ રામનામને સમગ્રવિશ્વમાં પહોંચાડવા માટે અલગ અલગ પ્રકારના પ્લેટફોર્મ ઉપયોગ કરી સનાતનહિન્દુધર્મનીઉત્તમસેવાકરવાનું કામ કરી રહ્યાં છે.

તાજેતરમાં એ જ ધ્યેય સાથે યુનો એટલે કે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના બિલ્ડીંગમાં અમેરિકાના ન્યુયોર્ક ખાતે મોરારિબાપુના વ્યાસાસને 'માનસ વસુદેવ કુટુંબકમ' કથાનો પ્રારંભ તારીખ ૨૭ જુલાઈ ૨૪, ના અમેરિકન સમય પ્રમાણે સાંજે ૪ કલાકે કરવામાં આવ્યો. વિશ્વના ૧૯૩ દેશો જયાં સભ્ય હોય તેવા કોઈ પરિસરમાંથી રામનામનું ગુણગાન ગાવું એ વિશ્વના સમગ્ર ધાર્મિક જગતને સનાતન હિંદુ ધર્મની ફિલસોફીને પ્રવાહીત કરવાનું કાર્ય છે. અત્રે એ પણ યાદ આપીએ કે જયારે આ જ પ્રકારની વાત લઈને ૧૩૯ વર્ષ પહેલાં ભારતના એક સન્યાસી પુ.સ્વામી વિવેકાનંદ શિકાગો ખાતે પહોંચ્યાં હતાં. ત્યારે તેમના પ્રભાવથી સમગ્ર અમેરિકા ઘેલું બન્યું હતું. એ જ સિલસિલા પર પૂજય મોરારિબાપુએ સમગ્ર વિશ્વને હિન્દુ ધર્મ મહત્તા માનસ તત્વજ્ઞાનથી પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેની નોંધ આંતરરાષ્ટ્રીય જગત પણ લેશે તેવી શ્રદ્ધા છે. કથાના પ્રારંભમાં બાપુએ પોતાની વાણીને મુખર કરતાં કહ્યું કે હું આ પોથી લઈને અહીં પહોંચ્યો છું એ આપણા સૌ માટે ગૌરવરૂપ ઘટના છે. પરંતુ એનો અર્થ એ પણ નથી કે આપણે કોઈ વિક્રમ સ્થાપિત કરવા કે કોઈ રેકોર્ડ ઉભો કરવા આ કથાનું આયોજન કરી રહ્યાં છીએ. કોઈકે તેને હિસ્ટોરિકલ કથા કહી પરંતુ ઈતિહાસ સમયના ગર્ભમાં કયારેક ભુલાય પણ જાય અને ભૂસાય પણ જાય. પરંતુ અધ્યાત્મ્ય એ અમર છે. તેથી આ કથા હિસ્ટોરિકલ નહીં પરંતુ સ્પ્રીચ્યુઅલ છે. બાપુએ કથા સાથે યુનોના સૂત્રોને સત્ય પ્રેમને કરૂણાની સાથે જોડીને સમગ્ર વિશ્વમાં ભાઈચારો અને બંધુત્વ ઊભું થાય અને માનવજાત યુદ્ધોથી બચી શકે તે માટે ખાસ અપીલ પણ કરી. તે વાતમાં સુર પુરાવતા તેઓએ કહ્યું કે હું ઈચ્છું છું કે જો મને પરવાનગી મળે તો હું યુક્રેન રશિયાની બોર્ડર પર પણ રામનામનું ગાયન કરવા અને શાંતિનો પૈગામ રેલાવવા તત્પર છું.

'માનસ વસુદેવ કુટુંબકમ'' કથાનાક્રમમાં ૯૪૦ની કથા છે. આ કથાના મનોરથી સુશ્રી રમાબેન જસાણી પરિવારે કરેલી અથાંગ મહેનતથી આ ભગીરથ કહી શકાય તેવું આયોજન થઈ શકયું છે. કથામાં શ્રોતાઓની સંખ્યા ખૂબ મર્યાદિત છે તેથી માત્ર ત્રણસો શ્રોતાઓ આ કથાનો શ્રમણ લાભ લઈ રહ્યાં છે. **વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)**

પાઈપલાઈન લગાવ્યા બાદ માર્ગની મરામત કરાતી નથી

સાવરકુંડલામાં ગેસ કંપનીની બેદરકારીથી અનેક માર્ગો બિસ્માર બનતા નારાજગી

ખોદેલા માર્ગનું યુધ્ધનાં ધોરણે રિનોવેશન જરૂરી

અમરેલી, તા. ૨૯

ગુજરાત ગેસ કંપની એ સાવરકુંડલા નગર પાલિકા સાથે શહેર ના બધાજ વિસ્તારમાં ગેસ લાઈન ફિટ કરવા માટેનું એગ્રીમેન્ટ કરેલ છે. તેમ ગેસ કંપની રોડ ખોદે તે રોડ એવી જ રીતે રિપેરીગ કરી આપવા ના કરાર કરેલ છે . છતાં પણ શહેર ના અમુક વિસ્તારમાં ગેસ કંપની એ કરાર મુજબ રોડ રીનોવેશન કરેલ નથી. તેમજ મહુવા રોડ ઉપર પણ ગેસ કંપનીએ ગેસ લાઈનનું કામગીરી કરી છે. છતાં પણ વેપારીઓનું દુકાન પાસે મસ મોટા ખાડા ખોડી તો નાખ્યાં પણ ખોદેલા ખાડા પુરાવામાં આવતા નથી. તેથી વેપારીઓમાં વ્યાપક રોષ જોવા મળેલ છે. ત્યારે તાત્કાલિક પાલિકા તંત્ર ગુજરાત ગેસ કંપની વાળાઓ ને સૂચના આપે કે ખોદેલા રોડ નું કામકાજ યુધ્ધના ધોરણે કરી આપે તેવી પ્રબળ માંગ વેપારીઓમાંથી ઉઠવા પામી છે.

સારહિ તપોવનનાં પ્રમુખ મુકેશ સંઘાણીની ઉપસ્થિતિમાં

અમરેલીનાં સારહિ તોપવન આશ્રમ ખાતે રામાણી પરિવાર દ્વારા સ્નેહ ભોજન કાર્યક્રમ યોજાયો

તપોવન આશ્રમનાં તપસ્વીઓએ આર્શીવાદ પાઠવ્યા

અમરેલી, તા. ૨૯

સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતા તપસ્વીઓની સાથે રામાણી પરિવાર દ્વારા ભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ. આ તકે સારહિ પરિવારના ચંદુભાઈરામાણી, (અમરેલી નગરપાલિકા પૂર્વ પ્રમુખ મનીષાબેન રામાણી) સહ પરિવાર તથા ઘનશ્યામભાઈ રામાણી સહ પરિવાર તેમજ સારહિ પરિવારના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ.

ગૌરવ : અમરેલીનાં દિવ્યેશ વોરા દ્વારા ''ઈટાલી'' ખાતે રંગોળી કલાની પ્રસ્તુતિ





ફરી એકવાર ઈટાલી દેશ ખાતેથી રંગોળી માટે શહેરના આર્ટિસ્ટ દિવ્યેશ વારાને નિમંત્રણ મળતા તા.૧૭થી૨૩ જુલાઈ ૨૦૨૪ દરમ્યાન યોજાનાર આંતરરાષ્ટ્રીય આર્ટ ફેસ્ટિવલ નોટો–ઈટાલી ખાતે હાજર રહીને ૧૦૦ જેટલા દેશ વિદેશનાં આર્ટિસ્ટ સાથે ફેસ્ટીવલમાં ભાગ લઈને ભારતીય રંગોળી અને કલાને પ્રોમોટ કરવા માટેનો એક પ્રયાસ કર્યો. યુરોપના દેશોમાં ઈટાલી દેશમાં આવેલા સીસીલી રીજનનાં નોટો શહેરમાં તા.૧૭થી૨૩ જુલાઈ ૨૦૨૪ દરમ્યાન આંતરરાષ્ટ્રીય આર્ટ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં અલગ–અલગ દેશો જેવા કે ભારત, બેલ્જીયમ, સ્પેન, મેકિસકો અને ઈટાલીના જુદા – જુદા ૧૦ ગ્રૃપમાં આશરે ૧૦૦ જેટલા કલાકારો દ્વારા '' કલા, સંસ્કૃતિ, ઈતિહાસ અને ધરોહર – હેરિટેજ'' વિષય પર અલગ– અલગ આર્ટ વર્ક પ્રેઝન્ટ કરવામાં આવેલ. જેમાં ભારતમાંથી દિવ્યેશ વારાએ આંતરરાષ્ટ્રીય આર્ટ ફેસ્ટિવલમાં ભારતીય કલા રંગોળીમાં ''Love and Beauty Can Win the World" થીમ પર તાજમહલ અને ભારતીય નારીનું ચિત્ર દર્શાવતી ૪x૪ મીટરની વિશાળ રંગોળી બનાવી ભારતીય કલાનું પ્રેઝન્ટેન્શન કરેલુ. આ રંગોળીના માદ્મથી ભારતનાં આગ્રા શહેરમાં આવેલ તાજમહલ કે જે પ્રેમના પ્રતિક તરીકે ઓળખાય છે. તેમજે તેની કોતરણી જે શિલ્પકલાનું એક ઉત્તમ ઉદાહરણ વિશ્વમાં પુરુ પાડે છે. સાથે ભારતીય પરંપરામાં સ્ત્રીનું મહત્વ તેમજ સ્ત્રીનો પારંપરિક પહેરવેશ જેમાં સાડી અને બીંદી તેમજ નથડી અને ભારતીય જવેલરી દ્વારા ભારતીય નારીનો ફેસ (ભરતમુની રચિત નાટયશાસ્ત્રમાં દર્શાવેલા નવ–રસમાં પણ શૃંગાર રસને સૌથી પ્રથમ બતાવીને સુંદરતાનું મહાત્મય દર્શાવેલ છે.) તેમજ મયુરપંખ દર્શાવીને ભારતીય ચિન્હો અને રંગોળીના માધ્યમની રજુ કરેલા. આમ, દિવ્યેશ વારા દ્વારા ''Love and Beauty Can Win the World" વિષય ઉપર ભારતમાં કલા અને સંસ્કૃતિનું મહત્વ તેમજ વિશ્વમાં ભારતની સંસ્કૃતિ–પરંપરા તેમજ શિલ્પકલાનું મહત્વ રંગોળીના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવેલ હતુ. જેનઃ ૧૦૦ કલાકારોમાં માત્ર એક દિવ્યેશ વારા વેજીટેરીયન હોઈ રંગોળી સાથે ગુજરાતી તેમજ ભારતીય વેજીટેરીયનઝમનો વિચાર પ્રસ્તુત થયેલ જેમાં ઈટાલીની કલ્ચરલ આર્ટ કમીટીના વાઈઝ–પ્રેસિડેન્ટ દ્વારા તેમના ઘરે ભોજનનુ નિમંત્રણ આપવામાં આવેલ. જેમાં સંપૂર્ણ શાકાહી ભોજન (રાઈસ–પોટેટો પેટીસ–ટોમેટો ક્રશ તેમજ સોસ– અથાણા બ્રેડ અને ફ્રુટ) નો સમાવેશ કરવામાં આવેલ હતો. તેમજ ઈટાલીમાં રોકાણ દરમ્યાન દિવ્યેશ વારાને સંપુર્ણ શાકાહારી ભોજન મળી રહે તે માટે પ્રયત્ન કરવામાં આવેલ. આમ , ઈટાલીયન કલ્ચરલ આર્ટ કમીટી દ્વારા ભારતીય પરંપરા અને વેજીટેરીયન વિચારને આવકાર આપીને તેમજ સન્માન આપીને ''વિશ્વ એક કુટુંબ'' ના વિચારને સાર્થક કરે તેવો સુંદર પ્રયાસ કરવામાં આવેલ હતો.

પાના ૧ ઉપરનું ચાલું લીલીયામોટા : ઈંગોરાળા ગામે

ગારીયાધાર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવેલ. આ ઘટનાની જાણ થતા સ્થાનિક વન તંત્ર દોડી ગયેલ અને દીપડાને પાંજરે પુરવા કવાયત હાથ ધરી હતી. તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે

પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં ભમ્મર ગામનાં યુવકનું

તીરથગીરી ગોસાઈ નામનાં ૩૮ વર્ષિય યુવક તા.૨૮ ના રોજ ૧૦:૪૫ વાગ્યે વીજપડી ગામે રાજુલા ગામ તરફ જતા રોડ ઉપર બજરંગ કિરાણા સ્ટોરની સામે કેશુભાઈ મેઘજીભાઈ વાળાની છકડો રિક્ષા પડેલ હોય અને રિક્ષામાં સામાન ભરતા હોય અને રિક્ષા બંધ હાલતમાં હોય તેમાં સંજયગીરી બેસેલ હોય અને તેઓને એકાએક ચકકર આવતા ઓચિંતા રિક્ષામાંથી નીચે રોડ ઉપર પડતા તેમને માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદમાં પાલિકાની

પ્રાથમિક સુવિધા દેવામાં કેમ પાલિકાના જવાબદાર તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે. લાઈટ હાઉસ રોડ અને મેઈન બજાર બંદરચોક કે જયા મોટી સંખ્યામાં દુકાનો આવેલી છે. તે મેઈન રોડ ઉપર ભુગર્ભ ગટરના ગંધાતા પાણી રોડ ઉપર વહેતા હોવાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. પરંતુ જવાબદાર અધિકારીના ધ્યાન ઉપર કેમ નથી આવતુ આ ભુગર્ભ ગટરનાં પાણી રોડ ઉપર વહેતાં હોવાથી અહીંના દુકાનદારો દ્વારા પાલિકાનાં જવાબદાર અધિકારીને મૌખિક રીતે રજુઆત કરી હતી અને અખબારોમાં આ ભુગર્ભ ગટરનાં વહેતા પાણીનાં સમાચાર પ્રસિદ્ધ કર્યા હતા. ત્યારે કુંભકર્ણની નિદ્રામાંથી જાગી આ ભુગર્ભ ગટરનાં પાણી બાબતે થોડીઘણી કામગીરી કરી ચાલ્યા ગયા હતા. પરંતુ નકકર કામગીરી ન થઈ હોય ફરી આ ભુગર્ભ ગટરનાં પાણી નદી જેમ બજારમાં વહેતા થતાં જાગૃત પત્રકાર દ્વારા જવાબદાર અધિકારીને આ ગટરનું ગંદુ પાણી ફરી રોડ ઉપર વહેતું થયું છે. તે બાબતે મૌખિક રજુઆતો કરી હોવા છતાં આજદિન સુધી પાલિકાના જવાબદાર અધિકારી દ્વારા ખુરશી છોડી નિરીક્ષણ કરવામાં કેમ નથી આવતું આ લાઈટ હાઉસ રોડ ઉપરથી મોટી સંખ્યામાં નાગરિકોની અવર જવર રહેતી હોય છે. તેજ રોડ ઉપરથી મળમુત્ર સાબુના ફીણ વાળું દુર્ગંધ મારતું પાણી રોડ ઉપર વગર વરસાદે નદી જેમ વહતું હોય અને આ ભુગર્ભ ગટરનું પાણી બંદરચોકની બજાર સુધી જતું હોય આ ગંદુ પાણીના લીધે લોકોનું આરોગ્ય સામે ખતરો ઉભો થાય તે પહેલાં પાલિકા જાગશે? હાલમાં ઘણા શહેરોમાં ચાંદી પુરા વાયરસ હાહાકાર મચાવ્યો છે. તે વાયરસનો પગપેસારો ના થઈ અને મચ્છરોનો તથા માખીનો ઉપદ્રવ ન વધે અને મેલેરીયા ડેગ્યુ જેવા રોગો પગપેસારો ના કરે તે પહેલા ડીડીટીનો છંટકાવ કરવામાં આવે અને આ રોડ ઉપર વહેતાં ભુગર્ભ ગટરનું ગંદુ પાણી તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવે તેવું અહીંના દુકાનદારોમાંથી માંગ ઉઠી છે.

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૨૦૦	૧૨૫૦
૨	ઘઉ	૫૧૦	૫૧૦
૩	સોયાબીન	૭૬૫	૭૬૫

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૯૮૨	૧૧૯૯
૨	શિંગ મોટી	૧૧૭૬	૧૨૪૦
૩	શિંગદાણા	૧૩૦૦	૧૫૮૦
૪	શીંગદાણા ફાડા	૧૧૨૬	૧૩૭૬
૫	તલ સફેદ	૧૯૨૦	૨૭૫૦
૬	તલ કાળા	૨૪૦૦	૩૫૨૦
૭	તલ કાશ્મીરી	૩૫૨૦	૩૫૨૫
૮	બાજરો	૩૧૧	૪૮૪
૯	જુવાર	૪૬૦	૭૭૯
૧૦	ઘંઉ ટુકડા	૪૭૬	૫૯૬
૧૧	ઘઉં લોકવન	૪૮૬	૫૭૨
૧૨	મગ	૧૬૨૯	૧૬૨૯
૧૩	અડદ	૧૮૦૦	૨૧૦૧
૧૪	ચણા	૧૧૭૮	૧૩૧૨
૧૫	ચણા દેશી	૧૨૭૭	૧૨૭૭
૧૬	તુવેર	૧૩૩૫	૧૬૧૫
૧૭	કપાસ	૮૫૮	૧૫૪૪
૧૮	એરંડા	૯૭૦	૧૧૫૭
૧૯	ધાણા	૧૧૦૫	૧૨૧૫
૨૦	સોયાબીન	૮૧૬	૮૨૬
૨૧	રજકાનું બી	૩૪૨૫	૪૮૫૦

પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં ખેડૂતોની

ખેડૂતોએ મગફળીના પાકને ઈયળોએ મુશ્કેલી વધારી છે અને ચોમાસામાં બે પૈસા કમાવવાની આશાઓ ઉપર ઈયળો પાણી ફેરવી રહી હોવાની પ્રતીતિ ખેડૂતો કરી રહ્યા છે.

જિલ્લાના ખાંભા ગીર પંથક સાથે સાવરકુંડલા અને ધારીમાં ખેડૂતોની મગફળીમાં ઈયળો આવતા ખેડૂતોના મગફળીના ઉભા પાક બળવા લાગ્યો છે અને ઉભો છોડ સુકાવા લાગ્યો છે. એક તો મોંઘું બિયારણ અને ખાતર ને ઉપરથી મોંઘીદાટ રાસાયણિક દવાઓ નાખવા છતાં મગફળીમાં ઈયળો જતી નથી. મગફળીના છોડને આ ઈયળો તહસનહસ કરતા ઈયળોથી પરેશાન ખેડૂતોએ દવાનો છંટકાવ કરવા છતાં ઈયળો જતી નથી અને ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે ચોમાસાની સારી એવી સીઝન છે અને વરસાદ પણ સારો પડયો છે. પરંતુ મગફળીમાં ઈયળોએ હાહાકાર મચાવ્યો છે અને મગફળીનાં છોડને બાળી રહ્યો છે, ઈયળો આવતા મગફળીનો છોડ સુકાવા લાગે છે અને છોડ વિકાસ ન થતા ખેડૂતો પોતાની મગફળી પાક સુકાઈ રહ્યો છે અને મોંઘી દાટ દવાઓનો છંટકાવ કરવા છતાં પણ મગફળીમાંથી ઈયળો જતી નથી. ત્યારે ડ્રોન દ્વારા દવાનો છંટકાવ થાય તેવું કૃષિ નિષ્ણાંત કહી રહ્યા છે.

મગફળીના બિયારણ, નીંદામણ દવા સહિતના ખેડૂતોએ ખર્ચેલા રૂપિયા ખેડૂતોના પાણીમાં ગયા હોય તેવી અમુક તાલુકા મથકો પર મગફળીમાં ઈયળોએ બેહાલ કર્યા છે. ત્યારે મગફળીનું વાવેતર કરી બેઠેલા ખેડૂતોને મગફળીમાં ઈયળો આવતા રાતા પાણીએ રોવાનો વારો આવે તેવા સમીકરણો અમરેલી જિલ્લામાં જોવા મળી રહ્યાં છે.

પાના ૮ ઉપરનું ચાલું બગસરાની સોસાયટીમાં પાણીનો નિકાલ

ખૂબ દયનીય બની ગઈ છે. જયારે અહીંયા રહેતા રહીશોને પૂછતા તેમણે જણાવ્યું કે અમારે દર વર્ષે આવીજ સમસ્યાનો સામનો કરવો પડે છે. જયારે અમારા વિસ્તારમાં ચાલવા માટે ૨૫ ફૂટ પહોળો રસ્તો છે પરંતુ જે રસ્તો કાચો અને માટીથી બનાવેલ છે જેથી વરસાદ આવતા જ આ રસ્તો પાણીના લીધે ધોવાય જાય છે અને પાણીમાં ગરકાવ થઈ જાય છે. જેથી અમારે અમારા ઘરમાંથી બહાર નીકળવું પણ ખૂબ મુશ્કેલ બની જાય છે. જયારે અમારા બાળકોને ભણવા માટે પણ મૂકવા જવા માટે તેડીને જવું પડે છે જેથી કયારેક પાણી વધારે પ્રમાણમાં હોવાથી અમારા બાળકો ભણવા પણ નથી જઈ શકતા. તેથી તેના ભણતર પર પણ ખૂબ મોટી અસર કરે છે. ઘરની બહાર નીકળવા માટે પણ એકબીજાનો સહારો લઈને નીકળવું પડે છે.

જયારે આ પાણીનો કોઈ પણ નિકાલ ના હોવાથી કેટલા દિવસો સુધી અમારી પરિસ્થિતી આવીજ રહે છે. જેના લીધે અહીંયા મચ્છરોનો પણ ખૂબ ઉપદ્રવ વધતો જાય છે અને બીમારીના ખાટલા પણ લગભગ ઘરે ઘરે જોવા મળે છે. તો આવી વિકટ પરિસ્થિતિમાં પણ તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી ના હોવાથી અમારી છેલ્લા ૫ વર્ષથી આવીજ પરિસ્થિતિમાં રહેવા મજબૂર બનવુ પડે છે. તો પાલિકા દ્વારા આ કાચા રસ્તા ઉપર ગોરમટું નાખવામાં આવે અને કાં તો આ રસ્તાને પાક્કો કરવામાં આવે જેથી આ રસ્તો ઉંચો આવે એટલે મહદઅંશે અમારી સમસ્યાનું નિરાકરણ આવે જેથી અહીંયા રહેતા રહીશો બીમારીથી બચી શકે.

પાલિકા દ્વારા મશ મોટી વિકાસની વાતો કરી રહ્યા છે ત્યારે આવા વિસ્તારમાં વિકાસ તો ઠીક પણ લોકો જીવના જોખમે રહે છે. તેવા વિસ્તારની મુલાકાત લઈને તેના ઉપર કાર્યવાહી હાથ ધરવામાં આવે અને અહીંયા રહેતા રહીશોને આ પરિસ્થિતિમાંથી બહાર કાઢે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૩૧	૧૩૬૦
૨	જુવાર સફેદ	૭૦૦	૭૮૦
૩	જીરૂ	૪૭૦૦	૪૭૦૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૨૦૦	૧૨૩૧
૨	શીંગ મોટી	૧૨૧૧	૧૨૪૦
૩	તલ સફેદ	૨૨૦૦	૨૪૯૦
૪	તલ કાળા	૨૪૯૦	૩૩૦૧
૫	જીરૂ		૪૭૦૧
૬	કપાસ	૧૦૫૦	૧૫૪૦
૭	ઘઉં લોકવન	૪૮૦	૫૨૬
૮	ઘઉં ટુકડા	૪૮૧	૫૫૨
૯	બાજરો	૪૦૦	૫૦૮
૧૦	જુવાર	૭૭૦	–
૧૧	મકાઈ	૪૫૦	–
૧૨	મગ	૧૫૦૦	૧૫૭૬
૧૩	ચણા	૧૦૬૨	૧૨૦૫
૧૪	ધાણા	૧૦૨૫	–
૧૫	સોયાબીન	૮૦૮	–

રાજુલા–ચાંચબંદર રૂટની બસ શરૂ કરો : અંબરીષ ડેર

રાજુલા, તા.૨૯

રાજુલાનાં પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેરે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, રાજુલા ડેપોની રાજુલા–ચાંચબંદર બસ સવારે અને સાંજના સમયે ચાલુ હતી. તેમાં ટ્રાફિક પણ ખુબજ સારા પ્રમાણમાં થતો હોવા છતાં અને આ બસનો લાભ સૌથી વધારે વિદ્યાર્થીઓ લેતા હોવા છતાં કોઈ કારણોસર થોડો સમય ચલાવી બંધ કરી દીધેલ છે. જેના લીધે સવારના સમયે ખાસ તો વિદ્યાર્થીઓ અને રાજુલા કામે આવતા લોકોને ખુબ જ મુશ્કેલી પડે છે. જેમાં ચાંચ, ખેરા, પટવા, સમઢિયાળા, દાતરડી, વિસળીયા, કથીવદર, વિકટર, પીપાવાવ– ધામ, જોલાપુર, નિંગાળા અને કડીયાળીના વિદ્યાર્થીઓ અને લોકોને ખુબજ હાલાકીનો સામનો કરવો પડે છે. કારણકે આ રૂટ ઉપર એક્સપ્રેસ બસો તો ઘણી ચાલે છે પરંતુ લોકલ બસો બહુ ઓછી ચાલતી હોવાથી લોકોને હાડમારીનો સામનો કરવો પડે છે. માટે રાજુલા–ચાંચ બંદર રૂટ ઉપર ફરી આ બસ ચાલુ કરવામાં આવે તો લોકોને અને વિદ્યાર્થીઓને પણ ફાયદો થાય અને એસ.ટી વિભાગને પણ સારા ટ્રાફિકને લીધે સારી આવક થાય. તો ઉપરોક્ત બાબતે યોગ્ય કરવા મારી ભલામણ છે.

અમરેલીમાં શકિતગૃપ દ્વારા ગરીબ બાળકોને નાસ્તાનું વિતરણ

અમરેલી, તા. ૨૯

અમરેલીની સેવાભાવી શકિતગૃપ દ્વારા ગરીબ બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું. આ તકે ગૌતમભાઈ વાળા, અશોક વાળા, પરેશ પરમાર સહિતનાં યુવાનો જોડાયા હતા.

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૨૭૦	૧૫૪૦
૨	મગફળી	૧૦૦૦	૧૧૬૦
૩	જીરૂ	૩૪૦૦	૪૯૧૫
૪	ઘઉ	૪૫૧	૫૪૫

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	ચણા	૯૯૫	૧૨૫૦
૨	ઘઉ લોકવન	૪૮૨	૫૩૪
૩	ઘઉ ટૂકડા	૪૮૦	૫૨૩
૪	સોયાબીન	૮૦૩	૮૧૫
૫	તલ સફેદ	૨૩૫૦	૨૩૨૫
૬	શીંગદાણા	૧૪૮૦	૧૫૧૫
૭	ધાણા	૧૨૯૫	૧૨૯૫
૮	મેથી	૮૫૦	૮૫૦
૯	તુવેર	૧૪૦૦	૧૪૦૦
૧૦	જીરૂ	૪૦૦૦	૪૦૦૦
૧૧	મેથી	૮૫૦	૮૫૦

ખાંભાની ગૌચર જમીન સ.નં. ૨૪૫માં થતું દબાણ દુર કરો : કામળીયા

તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૨૯

ખાંભા ગામના ભગવતી પરા ઉના રોડ હોટલ રાજધાનીની પાછળ ગૌચર જમીન સ નં ૨૪૫ માં છેલ્લા ઘણા સમયથી ખાંભા ગામના જ ગૌચર માફીયા દ્વારા જેસીબી મશીન વડે દબાણો કરવાની નિયંત્રણ પ્રક્રિયા ચાલુ છે જે અંગે ભુતકાળમાં બહોળી સંખ્યામાં ખાંભા મામલતદારને આવેદનપત્ર આપી ગૌચરને ખુલ્લું કરવુ તેમજ પણ લેન્ડ ગ્રેબિંગ એકટ ૨૦૨૦ હેઠળ કાર્યવાહી કરવા અરજી તેમજ રજુઆત કરી છતાં આજ દિન સુધી વહીવટી વિભાગના અધિકારી દ્વારા તપાસ પણ કરવામાં આવી નથી. આ અંગે તાત્કાલિક અસરથી કાર્યવાહી હાથ ધરી જમીન માફિયા સામે ગુન્હો દાખલ કરી ગૌચર જમીન ખુલ્લી કરવા આર.ટી.આઈ. એકટીવીસ્ટ મહેશભાઈ કામળીયાએ માંગ કરેલ છે.

અમરેલી જિલ્લા સહકારી સંઘ ખાતે મન કી બાતનું શ્રવણ

અમરેલી, તા.૨૯

અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ તારીખ ૨૮/૦૭/૨૦૨૪ નાં રોજ અમરેલી જીલ્લા સહકારી સંઘના કર્મચારીઓ, સહકારી અગ્રણીઓ અને યુવાનોએ યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી ની મન કી બાત કાર્યક્રમને અમરેલી જીલ્લા સહકારી સંઘની ઓફીસ ખાતે ઉપસ્થિત રહી લાઈવ કાર્યક્રમ નિહાળી અને માર્ગદર્શન મેળવ્યું હતું.

સંકુલ BA-B.Com.-BBA-BCA-B.Sc.-B.Ed. પ્રવેશ
MA-M.Com.-M.Sc.-MBA-MCA-ફાર્મસી-DMLT પ્રવેશ
★ B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – (બાયોટેક્નોલોજી – બાયોકેમેસ્ટ્રી)
★ BA & MA – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★ B.Com & M.Com બન્ને મિડીયમ ★ BBA & MBA - BCA & MCA
★ B.Ed. – ગણિત વિજ્ઞાન – એકાઉન્ટ કોમર્સ – ઈંગ્લીશ – ગુજરાતી – સંસ્કૃત
★ PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝૂલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ: –શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 059

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	તલ સફેદ	૨૪૦૧	૨૪૮૧
૨	તલ કાળા	૩૪૧૨	૩૪૧૨
૩	બાજરો	૪૧૩	૫૧૮
૪	ઘઉંટુકડા	૪૬૨	૫૧૪
૫	જુવાર	૬૦૧	૮૦૯
૬	મગ	૧૬૦૦	૧૬૦૦
૭	ચણા	૧૨૨૫	૧૨૮૦
૮	શીંગ દાણા	૧૬૬૦	૧૬૬૦
૯	સોયાબીન	૮૪૦	૮૪૦
૧૦	સુર્યમુખી	૬૭૫	૬૭૫
૧૧	ધાણા	૧૨૦૧	૧૨૦૧

અમરેલી મોંઘીબા મહિલા કોલેજમાં કારગીલ વિજય દિનની ઉજવણી

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા આર્ટસ કોલેજ–અમરેલી ખાતે તા.૨૬મી જુલાઈ–૨૦૨૪ના રોજ કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં પ્રા.મનિષાબેન સાગઠીયા દ્વારા કાર્યક્રમની રૂપરેખા રજૂ કરવામાં આવેલ ત્યારબાદ મેહમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. આજના પ્રસંગે કોલેજનાં ઈન્ચાર્જ આચાર્ય ડો.બી.આર.ચુડાસમા તથા હિન્દી વિભાગનાં અધ્યાપક સહાયક પ્રા.ડો.અરવિંદકુમાર ઉપાધ્યાયે પ્રસંગોચિત ઉદબોધન કરેલ. આજના પ્રસંગે કારગિલ વિજયયુધ્ધનાં જાંબાઝ શહિદવિરમેજર ઋષિકેશ વલ્લભભાઈ રામાણી અને નાયબ સુબેદાર કિશોરભાઈ કાનાણીના પરિવારજનોને વિશેષ આમંત્રિત કરવામાં આવેલ અને કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.ચુડાસમાં હિન્દી વિભાગના અધ્યક્ષ ડો. ગીરીશ વેલિયત તેમજ એન.સી.સી. મેજર પ્રા.સવિતાબેન પરમારના વરદ હસ્તે સ્મૃતિ ચિન્હા અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ.

આજના આ કાર્યક્રમમાં દેશભકિત થીમને લગતી સુંદર રંગોળી એન.સી.સી. કેડેટસ હાર્દિકા અને કોમલએ બનાવી હતી. એન.સી.સી. કેડટ્રેસ ખુશી, હાર્દિકા અને કૃપા દ્વારા દેશભકિત ગીત રજૂ કરવામાં આવેલ. કેડેટસ પ્રિયા રંજન અસ્મિતા અને રોમાન્સીએ કારગિલ વિજય દિવસની વચા રજુ કરેલ હતી. આજના આ વિશેષ કાર્યક્રમમાં હાજર રહેલ મહેમાનો, કોલેજ સ્ટાફગણ તથા વિદ્યાર્થીઓએ વિરશહિદોને પુષ્પાંજલિ અર્પણ કરી બે મિનિટ મૌન ધારણ કરી શ્રધ્ધાંજલિ અર્પી હતી. સમગ્ર કાર્યક્રમનુ સુવ્યવસ્થિત સંચાલન એન.સી.સી. કેડેટસ અલ્જીના, વેદાંશી અને એસ.ઓ.યુ.ધાર્મિએ કરેલ જયારે માર્ગદર્શન પ્રો મેજર સવિતાબેન પરમારે કરેલ હતુ.

આજના આ કાર્યક્રમ બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ માન.વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખૂંટ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય, ડો.બી.આર. ચુડાસમા તેમજ વિદ્યાસભા કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી અને સમગ્ર કોલેજ સ્ટાફે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

જિલ્લા સારસ્વત કોળી કર્મચારી મંડળી દ્વારા

અમરેલી ખાતે તેજસ્વી તારલાઓનું સહિતનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

અમરેલી જિલ્લા કર્મચારી મંડળનાં પ્રમુખપદે પ્રવિણ બારૈયાની વરણી

અમરેલી તા.૨૯

અમરેલી જિલ્લા સારસ્વત કોળી કર્મચારી શરાફી સહકારી મંડળી દ્વારા અમરેલીમાં ત્રિવિધ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં જિલ્લા ભરના તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ કરોબારી મિટિંગ તેમજ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ હતું. આજના શુભ પ્રસંગે અખિલ ભારતીય ગુજરાત રાજય કર્મચારી મંડળના પ્રમુખ રાજુભાઈ વંશ ખાસ ઉપસ્થિત રહેલ હતા. આ તકે તેમણે અમરેલી જિલ્લા અખિલ ભારતીય કર્મચારી મંડળના પ્રમુખ તરીકે પ્રવીણભાઈ બારૈયાની નિમણુંક કરેલ હતી.

કોળી સમાજમા શિક્ષણના વ્યાપ અને સમાજમા રહેલા કુરિવાજોને તિલાંજલિ આપવાના અને સમાજને સંગઠિત કરવાના શુભ આશય સાથે અમરેલીમાં શ્યામ વાડી લીલીયા રોડ ખાતે તા.૨૮ જુલાઈ ના રોજ અખિલ ભારતીય ગુજરાત રાજય કર્મચારી મંડળના પ્રમુખ રાજુભાઈ વંશના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સારસ્વત કોળી કર્મચારી સહકારી મંડળી દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. શિક્ષણ ક્ષેત્રે પછાત અને અંધશ્રદ્ધામાં આગળ એવા સમસ્ત કોળી સમાજમા બુદ્ધિજીવી વર્ગ દ્વારા જે વાડા પાડવામાં આવેલ છે. તે વાડાને વીખી સમસ્ત કોળી સમાજમા સંગઠન મજબૂત બનાવી ફક્ત શિક્ષણના વ્યાપની તાતી જરૂરિયાત ઉપર ભાર મુકવામાં આવેલ હતો.

આજના કાર્યક્રમમા ધોરણ ૫ થી ૧૨ સુધીના તેજસ્વી તારલાઓનું સન્માન કરી વાલીઓ અને વિદ્યાર્થીઓમાં શિક્ષણ અંગે જાગૃતતાનો સંદેશો આપવામાં આવેલ હતો.

આજના કાર્યક્રમ મા સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં બિન હરીફ થયેલા સેનેટ સભ્ય અને ગુજરાત માધ્યમિક સૈશિક સંઘના અમરેલી જિલ્લાના પ્રમુખ તરીકે જાહેર થયેલા બંસીધર હાઈસ્કૂલના શિક્ષક ભરતભાઈ મકવાણાનું મંડળી વતી પ્રમુખ પ્રવીણભાઈ બારૈયા ઉપપ્રમુખ અલ્પેશભાઈ ડોડીયા દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળીના આશિષભાઈ મકવાણા ધ્રુવેશભાઈ મકવાણા જયેશ જિંજરીયા વિજયભાઈ મકવાણા પરેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમના મુખ્ય દાતા હિલ્ટોન ઈન્ફોટેકના શશીકાંત શંભુભાઈ સોલંકી રહેલ હતા.

અમરેલીની મહિલા આર્ટસ કોલેજની એનસીસીની અધિકારીઓએ મુલાકાત લીધી

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુ મોંઘીબા મહિલા આર્ટસ–અમરેલીની મુલાકાતે કર્નલ વૈભવ દિક્ષિત, કમાન્ડીંગ ઓફીસર,૩ ગુજરાત ગર્લ્સ બટાલિયન,એન. સી.સી.ભાવનગર તા.૨૩.૦૭.૨૪ના રોજ પધારેલ. તેઓ તમામ એન.સી.સી. કેડેટસ,એન. સી.સી. કેરટેકર તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્યને મળેલ અને એન.સી.સી. કેડેટસને ઉતમ માર્ગદર્શન પુરૂ પાડેલ હતું.

કર્નલ વૈભવ દિક્ષિત સાહેબ ૧૯૯૯માં ૨ રાજપૂતાના રાઈફલ્સમાં અધિકારી હતાં.તે સમય દરમિયાન તેઓએ કારગિલ યુધ્ધમાં ભાગ લીધેલ અને આ યુદધમાં તેઓએ અદભુત સાહસનો પરિચય આપ્યો હતો,જેમાં તો લોલિંગ પર્વતને દુશ્મનોના કબ્જામાંથી છોડાવવાનું અભૂતપૂર્વક કાર્યમાં સહભાગી બન્યા હતાં.

એન.સી.સી. કેડેટસ સાથેની વાતચીતમાં કમાન્ડિંગ ઓફીસર સાહેબે જણાવ્યું કે,આવનારી ૨૬મી જુલાઈ આપણા કારગિલ વિજય દિવસની રજત જયંતિની ઉજવણી કરવા જઈ રહયા છીએ,તો આ કાર્યક્રમમાં બધાજ એન.સી.સી.કેડેટસ ઉત્સાહથી ભાગ લઈને શહિદોને શ્રધ્ધાંજલી કાર્ડ,પોસ્ટર અને કવિતાઓ રજુ કરવી.

કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.બી.આર. ચુડાસમા સાહેબે આ બન્ને અધિકારીનો આ કોલેજની શુભેચ્છા મુલાકાત બદલ સમગ્ર કોલેજ સ્ટાફ વતી આભાર વ્યકત કરેલ.

ચલાલા : ધારગણીનાં ભૌતિક બગડા આઈ.આર.એમ.એ.માં પસંદગી પામ્યા

ચલાલા, તા. ૨૯

ધારગણી નિવાસી સ્વ.વાલજીભાઈ લક્ષ્મણભાઈ બગડાના પૌત્ર અને પ્રકાશભાઈ વાલજીભાઈ બગડા હાલ સાવરકુંડલાના પુત્ર ભૌતિકએ આણંદ ખાતે એમએસસી એગ્રી પૂર્ણ કરી ભારતની અગ્રગણ્ય ખેતી અને દૂધની પ્રોડકટનું સંસોધન કાર્ય કરતી સંસ્થા જેને ડોકટર કુરિયને સ્થાપિત કરી વિશ્વ લેવલ સુધી પહોંચાડેલ છે.તે સંસ્થા આઈ.આર.એમ.એ.ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદમાં સહાયક સંશોધક તરીકેમાં કેમ્પસ ઈન્ટરવ્યુમાં સિલેકશન થયું છે...ભૌતિક બગડાએ અમુલ્ય સિધ્ધી હાંસલ કરી બગડા પરિવારનું અને સમાજનું ગૌરવ વધારેલ છે.

અમરેલીનાં શ્રીજી વિદ્યાલયમાં જાદુ નાં શો નું થયું આયોજન

અમરેલી, તા. ૨૯

અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ શ્રીજી વિદ્યાર્થી ભુવન છાત્રાલયમાં વિદ્યાર્થીઓની માંગણીને ધ્યાનમાં લઈ મશહૂર જાદુગર યુવરાન ચુડાસમાના જાદુના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું અંધશ્રધ્ધા નિવારણ કાર્યક્રમમાં જાદુગરે જણાવ્યું કે જાદુ એ કોઈ ચમત્કાર નથી પરંતુ એક કળા,આવડત અને ઝડપથી નજર ચૂકવીને કરવામાં આવતું કાર્ય છે...દરેક જાદુના ફાસ કરી દરેક વિદ્યાર્થીઓને જાદુના ખેલ જોવાની ખુબ મજા પડી. આ શો જોઈને સૌ વિદ્યાર્થીઓ આનંદિત અને ખુશખુશાલ હતા...શ્રીજી વિદ્યાર્થી ભુવનના સંચાલક દંપતિ દિપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસિયા તેમજ શાળાનો સમગ્ર સ્ટાફ જાદુની કલાને પોત પોતાની રીતે બીરદાવી જાદુગર યુવરાજને ધન્યવાદ આપ્યા.

આગામી ૩૧ જુલાઈના રોજ

બાબરામાં એન્જોય ગૃપ દ્વારા મહમદ રફીની ૪૪ મી પૂણ્ય તિથિ નિમિતે કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૨૯

મહાન ગાયક મહમદ રફી સાહેબ ની ૪૪ મી પુણ્યતિથિ નિમિત્તે બાબરા મુકામે એન્જોય ગ્રુપ દ્વારા સ્વરોજલિ નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે આ કાર્યક્રમ લુહાર જ્ઞાતિની વાડીમાં ૩૧.૭.૨૪ ના રોજ રાત્રિના ૯ : ૦૦ કલાકે યોજવામાં આવશે. જેમાં બાબરા તેમજ અમરેલીના ઘણા બધા નામી અનામિક કલાકારો મહમદ રફી અને લતા મંગેશકર ના ગીતો રજૂ કરશે. આ કાર્યક્રમ માણવા માટે જાહેર જનતાને એન્જોય ગ્રુપ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે. એન્જોય ગુપ બાબરા એ પ્રથમ કાર્યક્રમ ૧૯૯૩ માં શિવાજી ચોક બાબરા ખાતે અંતાક્ષરી નો કાર્યક્રમ કરેલ હતો. ત્યારથી અત્યાર સુધીમાં દર વર્ષે એકાદ કાર્યક્રમ કરતા આજે લગભગ ૩૧ વર્ષ જેવો સમય થયેલ છે. બાબરા તાલુકાની જનતાને વારંવાર મનોરંજન કરાવે છે. ઊગતા કલાકારોને સાઢં એવું પ્લેટફોર્મ પણ આપે છે. એન્જોય ગ્રુપ ના કાર્યક્રમમાં પૂર્વી દવે ભાગ લેતી હતી. તેની દીકરી માજેલ ફિલ્મની હિરોઈન છે માજલ વ્યાસ ઘણી બધી ટીવી સિરિયલ અને ઘણી બધી ફિલ્મોમાં કામ કરેલ છે. માજેલની મમ્મી પૂર્વે દવે એ એન્જોય ગ્રુપના ઘણા કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આજે મુંબઈમાં તેમની દીકરી ફિલ્મ સ્ટાર બની બોલીવુડમાં કામ કરી રહી છે. એન્જોય ગ્રુપ ઉગતા કલાકરોને નવોદિત કલાકારોને પ્લેટ પૂઢં પાડવાનું કામ કરે છે. મહમદ રફીની આપણી વચ્ચેથી ગયે તેને ૪૪ વર્ષ થવા જઈ રહ્યા છે. આ મહાન ગાયક એ માત્ર ભારતમાં જ નહીં પણ વર્લ્ડના મોટાભાગ ના દેશોમાં કાર્યક્રમો આપી અને દુનિયામાં પોતાનું અને ભારત નું નામ રોશન કર્યુ હતું. આ મહાન ગાયકની પુણ્યતિથિ માત્ર ભારતમાં નહીં આ દુનિયાના ઘણા દેશોમાં ઉજવવામાં આવે છે. બાબરામાં પણ એન્જોય ગ્રુપ દ્વારા ભવ્ય સ્વરાંજલિ નો કાર્યક્રમ ઉજવવાનુ નક્કી કરવામાં આવેલ છે. એન્જોય ગ્રુપ'ના કલાકારો પ્રકાશ પરમાર અમરેલી, હેતાલી પરમાર અમરેલી, શીવા રાઠોડ, જમાલદાદા પરમાર, પુષ્પા ધાધલ ભાવનગર, પી.એલ.મારૂ, સરલા મારૂ, આવા ઘણા કલાકારો કાર્યક્રમમાં આ ભાગ લેવાના છે. જાહેર જનતાને આ કાર્યક્રમ માણવા જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે. આ કાર્યક્રમ તા. ૩૧.૭.૨૪ ના રોજ રાત્રિના નવ કલાકે યોજવામાં આવશે વરસાદ હશે તો પણ કાર્યક્રમ ચાલુ રાખવામાં આવશે તેવું એન્જોય ગ્રુપ બાબરા દ્વારા જણાવવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગ પડતર માંગણી સ્વીકારતો ન હોવાથી

અમરેલી જિલ્લાનાં શિક્ષકો આગામી ૧૬ ઓગષ્ટથી આંદોલનનાં માર્ગે જશે

શૈક્ષીક મહાસંઘનાં નેતૃત્વમાં આંદોલન કરાશે

અમરેલી, તા. ૨૯

જૂની પેન્શન યોજના અંતર્ગત રાજય સરકારના શિક્ષણ વિભાગ સાથે બે બે વાર ખાતરીપૂર્વકના સમાધાન બાદ પણ જૂની પેન્શન યોજના માટેના ઠરાવો આજદિન સુધીમાં કરવામાં આવ્યા નથી. નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાના સવા મહિના પછી પણ શિક્ષણ વિભાગે ૨૦૦૫ પહેલાના શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટે કરેલા સમાધાન મુજબ આજદિન સુધી શિક્ષણ વિભાગ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. તેથી ફરી એકવાર અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ ગુજરાત આગામી ૧૬ ઓગસ્ટથી આંદોલનનો માર્ગે અપનાવશે. જેમાં ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં ૧૬ ઓગસ્ટના રોજ સમગ્ર ગુજરાતમાંથી હજારોની સંખ્યામાં શિક્ષકો જયારે ઉપસ્થિત રહેવાના છે ત્યારે અમરેલી જિલ્લામાંથી વિશાળ સંખ્યામાં શિક્ષકો આંદોલનમાં જોડાઈ અને ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં ઉપસ્થિત રહે તે માટે અમરેલી જિલ્લાના રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘના મનિષ સિધ્ધપુરા, ભરત મકવાણા અને રામ કેશવાલા દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. તેમ જિલ્લા મહામંત્રી મનીષ અગ્રાવત અને ચિરાગ ત્રિવેદીની યાદીમાં જણાવેલ છે.

લીલીયા મોટા ખાતે નવનિયુકત સાસંદનો સન્માન સમારોહ યોજાયો

લીલીયા મોટા ખાતે લેઉવા પટેલ સમાજની વાડી ખાતે તાલુકા ભાજપ પરિવાર અને ગ્રામ પંચાયત ના સંયુક્ત ઉપક્રમે નવનિયુક્ત સાંસદ ભરતભાઈ સુતરીયાનો સન્માન સમારોહ યોજાઈ ગયો. આ તકે સૌ પ્રથમ સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા, જે.વી કાકડીયા ના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાંઆવેલ. આ તકે ૧૧ માં રાષ્ટ્રપતિ ડોકટર એ...પી..જે. અબ્દુલ કલામ ની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ સાથે સાથે બૃહદગીરનો સૌથી શક્શિાળી ભગત સિંહનું રેલ અકસ્માતમાં દુઃખદ મૃત્યુ થતા તેમના આત્માને શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી દુઃખની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.. ત્યારબાદ તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી એ આમંત્રિત મહેમાનો નું શાબ્દિક સન્માન કરેલ. આ તકે તાલુકા ભાજપ પરિવાર અને સરપંચ જીવન ભાઈ વોરા દ્વારા સાંસદ સહિત ધારાસભ્યો અને આમંત્રિત મહેમાનોનું પુષ્પહાર અને સાલથી સન્માન કરવામાં આવેલ. આ તકે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાલા સાંસદ ભરતભાઈ સુતરીયાએ રાજય સરકાર અને કેન્દ્ર સરકારની સિદ્ધિઓ વર્ણવી ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોની કામગીરી બિરદાવી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ કાનભાઈ નાકરાણી, રાશિભાઈ ડેર ,સાવર કુંડલા તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા સહિત તાલુકા પંચાયતના સદસ્યો તાલુકા ભાજપના કાર્યકરો આગેવાનો સહિત તાલુકા ભાજપ મહામંત્રી જીગ્નેશભાઈ સાવજ, ગૌતમભાઈ વિછીયા, આનંદ ધાનાણી સરપંચ જીવનભાઈ વોરા, સહકારી આગેવાન ભાવેશભાઈ રાદડિયા, અરૂણભાઈ પટેલ, મગનભાઈ વિરાણી, મગનભાઈ કાનાણી સહિત તાલુકાના સરપંચો વિવિધ જ્ઞાતિના આગેવાનો ઉપસ્થિત રહેલ. આ જ રીતે આમંત્રણ પત્રિકામાંથી ક્રાંકચ જિલ્લા પંચાયત બેઠક નીચે આવતી સનાળીયા, ભોરીંગડા, ક્રાંકચ તાલુકા પંચાયત બેઠકના ભારતીય જનતા પાર્ટીમાંથી ચૂંટાયેલા સદસ્યોના નામ કપાતા ત્રણેય સદસ્યો કાર્યક્રમથી દૂર રહ્યા હતા. સાથે સાથે લીલીયા શહેરમાં ભૂગર્ભ ગટરના ગંદા પાણી, રોડ રસ્તા, નલ સે જલ, યોજના સહિતની સમસ્યાથી લોકો પીડાઈ રહ્યા છે તેને લઈ આમંત્રણ મળ્યા હોવા છતાં સામાજિક સંસ્થાના હોદ્દેદારો વિવિધ સમાજના અગ્રણીઓ કાર્યક્રમથી દૂર રહ્યા હતા. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે

હવે.. બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
સાંધા બદલવાના ઓપરેશન તદન મફત કરી આપવામાં આવે છે
ડૉ. અંકિત ગાબાણી (M.B.B.S., D.ORTHO)
તમામ પ્રકારના ફેકચર, સ્નાયુ,હાડકા,સાંધા,મણકાના દુઃખાવા,ગોઠણ બદલવાના ઓપરેશન(TKR) થાપાનો ગોળો બદલવાના ઓપરેશન(THR) તાણીયાંના ઓપરેશન (આર્થોસ્કોપી)
ડૉ. નીત ચોટાઈ MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો, પથરીના ઓપરેશન, પ્રોસ્ટેટના ઓપરેશન અને સારવાર સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦
NETRA CHIKITSA TRUST
24/7 Emergency Services

સ્વામીનારાયણ મંદિર પાસે ગોકુલધામ સોસાયટીમાં ગોઠણડૂબ પાણી ભરાયા

બગસરાની સોસાયટીમાં પાણીનો નિકાલ ન થતાં મહિલાઓનો હલ્લાબોલ

ગંદા પાણીમાંથી ફરજિયાતપણે શહેરીજનો ચાલવા મજબૂર બન્યા

છેલ્લા પાંચ વર્ષથી વરસાદી પાણીની સમસ્યા છતાં તેનું નિરાકરણ થતું નથી

સોસાયટીનાં મકાનમાં ૩ થી ૪ ફૂટનાં પાણી ભરાતા રોગચાળાનો ખતરો

નાના બાળકોને શાળાએ અવર જવર કરવામાં પણ મુશ્કેલી

તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨૯

સ્વામિ મંદિરની સામે આવેલી સોસાયટી ગોકુલધામ તેમજ મારૂતિનગરના રહીશો દ્વારા આજે પાલિકા કચેરી ખાતે ઘેરાવ કરેલ હતો અને મહિલાઓ દ્વારા પાલિકા કચેરીની બહાર ઊભા રહીને અમારો રસ્તો બનાવો અને પાણીનો નિકાલ કરો તેવા સૂત્રોચ્ચાર કર્યા અને સાથો સાથ થાળીઓ વગાડી નિંભર તંત્રને જગાડવા એક નવતર અભિગમ અપનાવ્યો. જયારે પાલિકાના સત્તાધીશો દ્વારા આના ઉપર તત્કાલ કાર્યવાહિ હાથમાં લેવા મજબૂર બન્યાં હતાં અને સત્તાધીશો દ્વારા સ્થળ તપાસ પણ કરવા દોડી ગયા હતા. તો શું આવી જ રીતે આ અઘોર તંત્રને જગાડવાનું.

આ સોસાયટીમાં વરસાદના લીધે પુષ્કળ પ્રમાણમાં પાણી ભરાયાં હતાં ત્યારે અહીંના રહીશોના ઘરોમાં પણ ત્રણથી ચાર ફૂટ જેટલા પાણી ઘુસી ગયા હતા. જયારે આ વિસ્તારમાં પાણીના નિકાલના અભાવે હજુ સુધી પાણી ભરેલા છે. ત્યારે અહીંના લોકોની વેદના

અનુસંધાન પાના ૬ ઉપર

પગ નીચે સર્પ આવ્યો અને મોત આવ્યું

ધારીનાં કરમદડી ગામનાં વૃઘ્ધાને સર્પે દંશ મારતાં કમકમાટીભર્યુ મોત

વૃઘ્ધાનાં શરીરમાં ઝેરની અસર થઈ

અમરેલી, તા. ૨૯

ધારી તાલુકાના કરમદડી ગામે રહેતા મંજુબેન મંગાભાઈ પાટડીયા નામનાં ૭૫ વર્ષિય વૃઘ્ધા તા. ૨૭ના રાત્રે ૮ વાગ્યે પોતાના ઘરે ઓસરીના પગથીયા ઉપર બેઠેલ હતા અને તેઓ પગ નીચે મુકવા જતા અકસ્માતે સર્પ પગ નીચે કચડાઈ જતા વૃઘ્ધાના જમણા પગની ટચલી આંગળી ઉપર સર્પ કરડી જતા વૃઘ્ધાના શરીરમાં ઝેરની અસર થતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

સામાન્ય ઘટનામાં મોત આંબી ગયું

બાબરાનાં વલારડી ગામનાં પ્રૌઢનો પગ ગટરમાં પડતા લપસી જવાથી મોત

માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી મોત નિપજયું

અમરેલી, તા. ૨૯

બાબરા તાલુકાના વલારડી ગામે રહેતા બાબુભાઈ બેચરભાઈ કાવઠીયા નામનાં ૫૪ વર્ષિય આધેડ તા. ૨૮ના રોજ બપોરે ૩ઃ૩૦ વાગ્યે વલારડી ગામની સીમ પોતાની વાડીએથી ઘરે ચાલીને આવતા હોય. તે દરમ્યાન ગામના પાદરમાં બસ સ્ટેશન પાસે પહોંચતા અચાનક જ તેમનો પગ ગટરમાં પડતાં તેઓ લપસી જતા નીચે પડી જવાથી તેમને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

Sheetal
Dil se देशी
Swaad Se Shudh
Sheetal ઘી
Clarified Butter
73000 51000

સત્તાના મદમાં શાસકોને શહેરીજનોની કોઈ ચિંતા થતી નથી

જાફરાબાદમાં પાલિકાની પ્રિ-મોન્સુન કામગીરીનું સુરસુરિયું : ઠેકઠેકાણે ગંદા પાણીનો ભરાવો થયો

શહેરીજનો ઉપર ચોમાસામાં રોગચાળાનો ગંભીર ખતરો ઉભો થયો

તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદના બંદરચોક રોડ ઉપરથી ભૂગર્ભ ગટરનાં ગંધાતા અને દુર્ગંધ મારતું પાણી બજાર અને દુકાનદારોની દુકાન સુધી પહોચ્યું નગરપાલિકા અનેક જાતનાં વેરાથી વધારે ટેકસ ઉઘરાવવામાં માહિર છે. નાગરિકો ટેકસ ભરવામાં મોડું કરે તો પાલિકા તંત્ર ઢોલ વગડાવશે નોટિસો આપશે કોર્ટમાં ઢસેડશે દંડાત્મક કેસો કરશે પરંતુ જનતાની સુખાકારી માટે મળતી

અનુસંધાન પાના ૬ ઉપર

વીજપડીનાં રાજુલા માર્ગ પરની ઘટના

સાવરકુંડલાનાં ભમ્મર ગામનાં યુવકનું રિક્ષામાં ચકકર આવવાથી પડી જતાં મોત

માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત

અમરેલી, તા. ૨૯

સાવરકુંડલા તાલુકાના ભમ્મર ગામે રહેતા સંજયગીરી

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

LG Life's Good.
MONSOON BONANZA
Get LG's world class products with attractive rainy offers
ENJOY MONSOON OFFER
0%* DOWN PAYMENT
UP TO 10%* CASHBACK
LG BEST SHOP મુકુન્દરાય એન્ડ બ્રધર્સ
કાર કેર સેન્ટરની સામે, ચકકરગઢ રોડ,અમરેલી મો.૯૪૦૮૧ ૫૯૬૦૬/૯૯૭૪૭ ૭૨૩૭૭

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)